

સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની
ઉડાન...

# પંખ

અંક ૧૩| ફેબ્રુઆરી ૨૦૧૭

હું ક્યાં કહું છું આપની 'હા' હોવી જોઈએ,
પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.

–મરીઝ

Bhagyesh Patel Photoworks

# અનુક્રમણિકા

સંપાદકની કલમે..........................3
Catalyst..........................4
પેરિસ્કોપ..........................6
લ્યો... લખાઈ ગઈ કવિતા..........................8
વેંત-વાર્તા..........................9
નવલકથા..........................10
ફોટો-સ્ટોરી..........................14
તથાગત સાથે ચીટ-ચેટ..........................15
ગુલાબજળ..........................19
લપડાક..........................22
લવ-ટૅંક..........................24
Shine in the mine..........................26
બાળ ગીત..........................28
ખુલ્લા દ્વાર..........................29
Knowtamin..........................30

# સંપાદકની કલમે

- કેયુર દુધાત



*પ્રેમ એટલે કે,*
*સાવ ખુલ્લી આંખોથી થતો મળવાનો વાયદો.*
*સ્વપ્નમાં પળાય એવો કાયદો...*
*પ્રેમ એટલે કે,*
*તારા ગાલોના ખાડામાં ડૂબી જતા મારા ચોર્યાશી લાખ વહાણોનો કાફલો*
*-મુકુલ ચોક્સી*

વાચકમિત્રો, આપ સૌને પશ્ચિમી સંસ્કૃતિના સુંદર તહેવારની શુભકામના. HAPPY VALENTINES DAY (આમ પણ હું હવે થોડાક સમય માટે એમની જોડે જ છું તો થોડો વધારે રંગ લાગશે.). લંડનમાં આવ્યા 20 દિવસ થયા પણ અહિયાં ભારતીયોની વસ્તી જોઈને ઘણો આનંદ થાય એમાય ખાસ કરીને ગુજરાતીઓની પ્રગતિ જોઇને ગર્વની લાગણી થાય છે અને હા Wembley માં ગયા પછી તો 'જ્યાં જ્યાં વશે ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'.

પ્રેમના તહેવારો તો ના હોય એ વાત સાચી પણ પ્રેમ કરો છો એ ક્યારેક તો જતાવવું પડે, એટલે માનતા ન માનતા આ તહેવાર કૈંક અંશે તમને પ્રેમમય લાગણીમાં તો લઇ જાય છે. તો બધા પોતપોતાના પ્રેમ સાથે સુખમય સમય વિતાવો એવી આશા.

બીજી વાત કરીએ તો નોટબંધીની વાતો પૂરી થઇ તરત જ ઉતરપ્રદેશ, ગોવા, પંજાબ અને ઉતરાખંડની ચુંટણી તૈયાર છે એટલે આપણી News Channel ખોટા વાહિયાત સમાચારો થી આપણને હેરાન નહિ કરે. આ ચૂંટણીના પ્રચારમાં કોઈક કોઈક વાર એવું લાગી આવે કે આપણે રાજાશાહીમાં જીવીએ છીએ જયારે મોદી સાહેબ એમ બોલેને કે 'મેરી સરકાર યે લાયેગી, વો લાયેગી' ચારેય કોર 'મોદી.. મોદી..' ના જ નારા લાગે. પક્ષ કરતા વ્યક્તિગત પ્રચાર થયાની લાગણી લાગે. કઈ નહી જવા દો દેશ માટે તો સારું થઇ થયું છે એટલે ખુશ છું.

પંખ ને હજી વધારે આગળ વધારવા માટે આપ સૌ વાચકમિત્રો આવી જ રીતે મેગેઝીન વાચતા રહો, શેર કરતા રહો, અમને સલાહ, સૂચનો અને પ્રતિભાવો આપતા રહો એવી આશા અને સૌને મહાશિવરાત્રીની ખુબ ખુબ શુભકામના.

*ટકોરા દઈશ, પણ દરવાજો તારે ખોલવો પડશે,*
*કોઈ દીવાલ તોડીને તને મળવા નહિ આવું.*

*–ખલીલ ધનતેજવી*

# Catalyst

- અનંત ગોહિલ



"It's a slip,' He said, "and not a fail!"



ઉપરોક્ત શબ્દો જે મહાન વ્યક્તિ દ્વારા બોલાયેલ છે એ કરતા પણ વધુ આપણે એ શબ્દો કઈ પરિસ્થિતિમાં બોલાયેલ છે એના વિશે વાત કરીએ. કોઈ એક દેશમાં ચૂંટણીનો માહોલ જામેલો હતો. એક બાજુનો પક્ષ મજબુત હતો અને બીજી બાજુના હરીફ પક્ષનો જે ઉમેદવાર હતો એમના વિશે ત્યાના પત્રકારો એટલી હદ સુધી બોલતા હતા કે આ દેશના પોલીટીશિયનોમાં આ ઉમેદવાર સૌથી વધારે દુર્ભાગ્યવાળો છે, રાજકારણની કોઈ પણ બાબતમાં નિષ્ફળતા એનો પીછો કરતી જ રહે છે, આ કહેવાનું કારણ એટલું કે આ ઉમેદવાર આના પહેલા લડેલી બધી જ ચૂંટણીમાં ઘણી ખરાબ રીતે હાર્યો હતો.

ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું હતું તે સમયે એ ઉમેદવાર મોડે સુધી તાર-ઓફિસમાં બેસી રહ્યા. આ વખતે એને લાગતું હતું કે કદાચ આ વખતે તે જરૂરથી ચૂંટણી જીતી જ જશે. અલગ-અલગ જગ્યાયેથી સમાચાર આવી રહ્યા હતા અને દરેક સ્થળે તે હારી રહ્યા હતા. જયારે જીતવાની કોઈ જ આશા ના રહી ત્યારે મોડી રાતે એમણે ભારે હૃદય અને દુઃખ સાથે તાર-ઓફિસ છોડી. રાત અંધારી હતી બરાબર એ ઉમેદવારના મનની જેમ જ. એનું મન નિષ્ફળતાના પરિણામોથી સાવ જ ભરાઈ ગયું હતું, એને લાગતું હતું કે જીંદગીમાં જે કઈ પણ કર્યું છે એ બધું જ નિષ્ફળ ગયું છે. એવામાં એકાએક રસ્તામાં થયેલા કાદવમાં એનો પગ લપસી ગયો. એક ક્ષણ તો એમની સમતુલા જતી રહી પણ બીજી જ ક્ષણે તેમણે પોતાની જાતને સંભાળી લીધી. આ જ વાતથી એમના હૃદયમાં પ્રેરણા થઇ અને તેઓ બોલી ઉઠ્યા," IT'S A SLIP AND NOT A FAIL."- આ તો માત્ર એક નિષ્ફળતા છે પણ પતન નથી- હાર નથી.

આ શબ્દો છે અમેરિકાના મહાનતમ અને લોકપ્રિય પ્રમુખ એવા "અબ્રાહમ લિંકન"ના! ચૂંટણી લડીને જેમને આશરે દોઢ ડઝન જેટલી હાર નોંધાવી છે અને છતાં પણ પોતાની હિંમત હાર્યા નથી એવા માત્ર એક લિંકન જ છે! એમના જેટલી વાર જો કોઈ માણસ ચૂંટણી લડીને હાર્યો હોય તો તેણે અત્યારસુધીમાં ક્યાં તો આત્મહત્યા કરી લીધી હોય અને ક્યાં તો ચૂંટણી લડવાનો વિચાર જ માંડી વાળ્યો હોય. પણ લિંકન કંઇક અલગ જ માટીના બનેલા હતા. જે માણસ પોતાની નિષ્ફળતામાં આટલું બધું સકારાત્મક રહી શકે એ માણસ સફળતામાં કઈ બુલંદી હાંસલ કરે છે એ આપણને સૌને અબ્રાહમ લિંકનની કારકિર્દી જોઇને અંદાઝ આવી જ ગયો હશે!

નિષ્ફળતા માંથી સફળતા તરફ પ્રયાણ કરવા માટેના આપણે અત્યારસુધીમાં ઘણા બધા રસ્તા અજમાવી લીધા છે, પછી ભલે એ મોટીવેશનલ

"પોતાની મહેનત અને પોતાની જાત ઘસી નાખ્યા વગર ખાલી પોઝીટીવિટી રાખવાથી ક્યારેક અપવાદરૂપ પરિણામ મળી પણ આવશે પણ જરૂરી નથી કે દરવખતે પાસા આપણી તરફેણમાં જ પડે!"

સેમીનાર હોય કે પછી આત્મપ્રેરણા કરતા પુસ્તકો હોય, કોઈ સાધુ-સંતના આશીર્વચનો હોય કે પછી યોગ-પ્રાણાયામ જેવું કોઈ મેડીટેશન! પણ આજે આપણે નિષ્ફળતાથી સફળતા તરફ નહીં પણ સફળતામાં સાચી સકારાત્મકતા કેવી રીતે કેળવવી એના વિશે વાત કરવી છે.

એક નવયુવાન હતો. ખુબ જ આનંદી, ખુશ-મિજાજી અને કદી પણ કોઈ પણ પરિસ્થિતિમાં હિંમત ના હારે એવો એ યુવાન. એના હર-એક 'મોમેન્ટ'માં એની પોઝીટીવિટી છલકાઈને બહાર આવતી બધા જ જોઈ શકે. પોઝીટીવિટીથી એને ઘણી બધી મુશ્કેલીઓમાંથી પોતાનો પીછો છોડાવ્યો હતો અને ઘણા બધા લોકોને પણ એને પોતાની આવી સકારાત્મકતાથી તેમના દુઃખ દુર કરવાની શક્તિ આપી હતી. પણ અહીં પ્રશ્ન એ થાય કે શું કોઈ પણ પરિસ્થિતિના રિયાલિસ્ટિક એપ્રોચ વગર, માત્ર ને માત્ર સકારાત્મકતાના ભરોસે બેસી રેહવું યોગ્ય છે? કોઈ પરિસ્થિતિમાં પોતાની 'એફર્ટ' કર્યા વગર માત્ર એમ કેહવું કે- "અરે થઇ જશે! ના તો શું થાય! આપણા માટે કોઈ કામ અસંભવ છે જ નહિ! આપણી 'ડીક્ષનરી'માં ઈમ્પોસીબલ નામનો શબ્દ જ નથી!" હા! એક લેવલ સુધી આ શબ્દો ઘણી જ હેલ્પ કરી શકે પણ એ પછી શું? પોતાની મહેનત અને પોતાની જાત ઘસી નાખ્યા વગર ખાલી પોઝીટીવિટી રાખવાથી ક્યારેક અપવાદરૂપ પરિણામ મળી પણ આવશે પણ જરૂરી નથી કે દરવખતે પાસા આપણી તરફેણમાં જ પડે! (સાચી દિશામાં પોઝીટીવ એપ્રોચ રાખવાથી 'કેન્સર' જેવા અસાધ્ય રોગ પણ મટી શકે છે એ વાત ડૉ. આઈ કે વીજળીવાળા એ સાબિત કરી આપી છે.)

સકારાત્મકતા આપણો સાથ ત્યારે જ આપે જયારે આપણે પુરા દ્રઢ નિશ્ચયથી એ કામને પાર પાડવામાં આપણો જીવ રેડી દીધો હોય. આપણું સાહિત્ય પણ કહે છે ને કે, "સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય!" નિષ્ફળતા એ સફળતાની પહેલી સીડી છે પણ સાચી સકારાત્મકતા સફળ જીવનની નિશાની છે!

## આફ્ટર-શોક :

એક ઉઘડેલા ઘરને ન જોયું મેં એટલે,
દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારને.
દે એટલું તો ચેન મને મારા ઓ ખુદા,
હું દઈ શકું દિલાસો કોઈ બેકરારને.

-મરીઝ

# પેરિસ્કોપ

- યાજ્ઞિક વઘાસિયા




**છે ઘણા એવા કે જેઓ યુગને પલટાવી ગયા,**
**પણ બહુ ઓછા છે જેઓ પ્રેમમાં ફાવી ગયા.**
**સૈફ પાલનપુરી**

લ્યો બોલો. વેલેન્ટાઈન ડે આવી પણ ગયો. લાખો વર્ષોથી લોકો પ્રેમને સમજવાની વ્યર્થ કોશિશ કરી રહ્યા છે, પણ એકવાર સમજાય જાય પછી એ પ્રેમ જ રહેતો નથી, એ એક અનિચ્છાએ પણ સ્વીકારવી પડતી હકીકત છે. અત્યારના સમયમાં લોકોના મોઢે સાંભળવા મળતી COMMON COMPLAINT એ છે કે, "મને કોઈ સમજતું જ નથી"

પહેલા કરતા અત્યારે એરેન્જડ મેરેજ થવાનું પ્રમાણ ઘટ્યું છે ને લવ મેરેજનું પ્રમાણ વધ્યું છે. એનો અર્થ એ થયો કે પતિ-પત્ની બન્ને પહેલેથી જ એકબીજાને ઓળખે છે ને બન્ને વચ્ચે પ્રેમ તો છે જ. એમના લગ્ન વડીલો દ્વારા થોપી કે ઠોકી બેસાડેલા નથી. આથી એમનું લગ્નજીવન સુખી હોવું જોઈએ. પણ ના. એવું નથી. એક તારણ પ્રમાણે ડિવોર્સનું પ્રમાણ ઉલટું લવ-મેરેજમાં જ વધુ છે. આવું કેમ?

કેમ કે કોઈ પણ સંબંધ એ બે વ્યક્તિઓ વચ્ચેના પરસ્પર પ્રેમ કરતા પરસ્પર સમજણ, બે વ્યક્તિઓ વચ્ચેની MUTUAL UNDERSTANDING થી જ ટકી શકે છે. લગ્ન એ પાર્ટનરશીપમાં ધંધો જ છે. ધંધો કરતા ભાગીદારો વચ્ચે પ્રેમ જરૂરી નથી, બન્ને વચ્ચેનું BALANCE જરૂરી છે. પ્રેમમાં પણ આ વાત લાગુ પડે છે. સ્ત્રી અને પુરુષની પ્રકૃતિ અને ઉછેર અલગ છે. બન્ને ચુંબકના વિજાતીય ધ્રુવો છે. એ જ કારણથી બન્ને એકબીજા પ્રત્યે આકર્ષાય છે. ને રસપ્રદ વાત પણ




એ જ છે કે, બન્ને વચ્ચે ઝઘડા થવાનું કારણ પણ એ જ છે કે એ બન્ને અલગ છે!

સ્ત્રી અને પુરુષ જયારે પ્રેમમાં પડે છે, ત્યારે ખરેખર તો તેઓ અનુક્રમે 'પુરુષત્વ' અને 'સ્ત્રીત્વ'ના પ્રેમમાં પડે છે, એકબીજાના અંદરના વ્યક્તિત્વને તો તેઓ ખુબ મોડા મોડા ઓળખે છે. ને જયારે ઓળખે છે, ત્યારે તેઓને એવું FEEL થાય છે કે, આ તો મેં પ્રેમ કર્યો હતો એ છે જ નહી અથવા સામેવાળી વ્યક્તિ હવે પહેલા જેવી નથી રહી, બદલાઈ ગઈ છે. ને ત્યારથી જ બધા ઝઘડાની શરૂઆત થાય છે.

જયારે વ્યક્તિ પ્રેમમાં પડે છે, ત્યારે સામેવાળી વ્યક્તિને ખુશ રાખવા માટે ઘણી મહેનત કરે છે. પોતે જેવી છે, એ બહાર નથી આવવા દેતી. સામે વાળી વ્યક્તિને અનુકુળ એવું એક પ્રકારનું નકાબ પહેરીને ફરે છે. પછી ધીમે ધીમે રોજની આ 'પ્રોસેસ'થી કંટાળી જાય

છે, થાકી જાય છે અને પેલું નકાબ ઢીલું પડતું જાય છે ને એક દિવસ સાવ ઉતરી જાય છે, ને ત્યાં સુધીમાં બન્નેના લગ્ન પણ થઇ ગયા હોય છે.

પણ એરેન્જડ મેરેજમાં તો આવું કોઈ નકાબ લગાવવાની કોઈ આવશ્યકતા જ નથી. કેમ કે બધું વડીલોએ જ ફિક્સ કરી દીધું હોય છે. એટલે વ્યક્તિ પહેલેથી જ પોતાના અસ્સલ રૂપ-રંગમાં જ હોય છે. એટલે આમ જોવા જાવ તો એરેન્જડ મેરેજ ગુણકારી છે.

પણ હા. એવું પણ નથી કે એરેન્જડ મેરેજ ગુણકારી જ છે. જયારે જોબ માટેના 'રિઝયુમ'ની જેમ તમારો 'બાયો-ડેટા' માર્કેટમાં ફરતો થઇ જાય છે, ત્યારે તમે ઓફિશિયલી માર્કેટમાં આવી જાવ છો. હકીકતમાં એરેન્જડ મેરેજ સામેવાળી વ્યક્તિ કરતા એના ફેમીલી સાથે વધુ થતાં હોય છે. મેઈન કેરેક્ટર એમાં સપોર્ટીંગ રોલમાં હોય છે. ખાલી પાંચ-દસ મીનીટના ઈન્ટરવ્યુ અને એમાં જો પસંદ આવે અને આગળ વાત વધે તો એ પછીની બે-ત્રણ મુલાકાતોમાં જ બન્નેનો રોલ પૂરો. એકબીજાના ફેવરીટ કલર, ફેવરીટ ડીશ, ફેવરીટ પ્લેસ અને હોબી- એટલું જ જાણી શકાય છે.

**"સંબંધોને સાચવવાના અને બચાવવાના પ્રયત્નો હંમેશા બન્ને પક્ષે થવા જોઈએ. નાની વાતને નાની જ રહેવા દેવી. કેમ કે સંબંધો એક સીધી લીટીમાં ક્યારેય નથી ચાલતા."**

વાસ્તવમાં લગ્નજીવન ટકાવી રાખવામાં આ ડીશ, કલર, પ્લેસ કે હોબી ક્યાંય કામમાં આવતા નથી. કેમ કે પતિ ચાઇનીઝ ડીશનો શોખીન છે કે પંજાબી, એ વાતને જમીને એંઠા હાથ વોશ-બેસિનમાં ધોતી વખતે આખું વોશ-બેસીન એ ગંધારુ કરી મુકે છે, એની સાથે કોઈ નિસ્બત નથી. ને પત્નીને કયો કલર સૌથી ફેવરીટ છે, એ વાતનો કોઈ સંબંધ એણે પોતાના પતિના ફેવરીટ શર્ટ પર વોશિંગ-મશીનમાં કપડા ધોતી વખતે પિંક કલરના ડાઘા પાડી દીધા એની સાથે સ્હેજ પણ નથી.

સંબંધોને સાચવવાના અને બચાવવાના પ્રયત્નો હંમેશા બન્ને પક્ષે થવા જોઈએ. નાની વાતને નાની જ રહેવા દેવી. કેમ કે સંબંધો એક સીધી લીટીમાં ક્યારેય નથી ચાલતા. એમાં પણ પ્રેમ સાથે રકઝક, રિસામણા સાથે મનામણા, સમજ સાથે ગેરસમજ અને ગુસ્સા સાથે ઠરાવતા ભળે અને ગૂંથાય, ત્યારે જ એ સંબંધ કહેવાય છે. ગુસ્સો કેટલો જલ્દી આવે છે, એના કરતા કેટલો જલ્દી ઉતરી જાય છે, એના પર જ સંબંધો નભે છે.

છેલ્લે તો લવમેરેજ હોય કે એરેન્જડ-મેરેજ, પ્રેમથી રહેવામાં જ ભલાઈ છે. જાતે કરીને પ્રોબ્લેમ ક્રિએટ કરીને ગામને ગજાવવાનો કોઈ અર્થ નથી. કેમ કે, પ્રેમ કરવાનો નથી હોતો, જીવવાનો હોય છે. છેલ્લે 'પ્રેમ' વિષય પર જ 'હર્ષવી પટેલ'ની એક ગઝલ.

*અહંગ આંખ હોય પણ ફરક કળી શકો નહી,*
*મને મળ્યા પછી તમે તમે રહી શકો નહી.*
*શરત ગણો તો છે શરત, ને મમત કહો તો હા, મમત,*
*તમે તમે ન હોઉં, તો મને મળી શકો નહી.*
*જો થઇ જશે લગાવ, તો સ્વભાવ થઇ જઈશ હું,*
*મથો છતાં પણ મને ત્યજી શકો નહી.*
*પ્રવેશબાધ કે નિયમ કશું નથી અહીં છતાં,*
*કહું હું ત્યાં લગી તમે પરત ફરી શકો નહી.*
*તરણકળા પ્રવિણ હો, તરી શકો સમંદરો,*
*ડૂબી ગયા જો આંખમાં, તમે બચી શકો નહી.*
*પડ્યા પછી જ પ્રેમમાં ખરેખરી ખબર પડી,*
*સતત મરી શકો ખરા, સતત જીવી શકો નહી.*

**PACK UP :**

**મારા કહેવાથી તું સમજે એનો કોઈ અર્થ નથી,**
**અર્થ તું એનો સમજાવ, જે મેં કહ્યું નથી.**

**ધારિણી સોલંકી**

# લ્યો...લખાઈ ગઈ કવિતા

- રવિ દવે 'પ્રત્યક્ષ'



હું ક્યાં કહું છું તુજને કે મારી ધરાર થા,
દરરોજ બસ તું મારા ઘરેથી પસાર થા.

તું એકસાથ બેય રીતે નહિ રહી શકે,
કાં તો તું પાનખર થા, કાં તો તું બહાર થા.
તું છે અમીર તોય કાં ટાઢક થઈ નહીં?
તું જા પ્રથમ ગરીબનો તો ઓડકાર થા ?
હું પણ તો તારી કલ્પના મારી રીતે કરું,
કે આવ થઈ શકે તો તું કોઈ વિચાર થા.
કંટકની સાથ ફૂલની હાલતને જાણવા,
'પ્રત્યક્ષ' એકવાર બને તો તુષાર થા.

પ્રણય નામક એ બીમારી મને માફક નહીં આવે;
બધા સામે ગુનેગારી મને માફક નહીં આવે.
પડી ગઈ છે મને તો ટેવ પથ્થર પૂજવાની કે-
હવે ઈશ્વર નિરાકારી મને માફક નહીં આવે.
હું કાયમ જોઉં છું એ રીતથી જોવા મળે તો ઠીક;
તમારી બંધ આ બારી મને માફક નહીં આવે.
નહીં આવું હવે જ્યારે તમે બોલાવશો ત્યારે;
તમારી પ્રીત વ્યવહારી મને માફક નહીં આવે.
કરે છે હાસ્ય મુજ સામે ને ગુસ્સો પીઠની પાછળ;
સ્વજન તારી કલાકારી મને માફક નહીં આવે.
કહો તો હું આ ઝંઝીરો પહેરી લઉં હવે હાથે;
કે ઝૂલ્ફોની ગિરફ્તારી મને માફક નહીં આવે !!
એ આવી જાય જો 'પ્રત્યક્ષ' તો એને મળી લઉં હું;
કે મારી મોત પરબારી મને માફક નહીં આવે.

હૈયા ઉપર તું હાથ લગાડે તો તું ખરો,
ખુદને તું મારી જેમ દઝાડે તો તું ખરો.
એક ઝાડને તું ફટ કરીને ઓ ઉખાડનાર!!
ઘરમાં છે જે ઉદાસી, ઉખાડે તો તું ખરો.
અર્પણ થશે પ્રભુને બધા ભોગ એ પછી,
ભૂખ્યા ગરીબ લોક જમાડે તો તું ખરો!!
એ શક્ય છે કે એ થકી સંગીત આવશે,
તૂટેલ તાર પકડી વગાડે તો તું ખરો.
'પ્રત્યક્ષ' ઉપનામ લગાડ્યું છે તે ભલે,
પણ એની સામે જોઈ બતાડે તો તું ખરો.

# વેંત-વાર્તા

- યાજ્ઞિક વઘાસિયા






## પુત્રી v/s પુત્રવધુ

“એમ ચાલે જ નહી ને. એમ થોડી કંઈ અમારી છોકરી ઘરમાં બેઠી રેય! એટલા માટે કાઈ અમે એને એટલું ભણાવી છે કે એ ઘરમાં બેહીને જ કચરા-પોતું-વાસણ-કપડા કરે? ના પાડી ઘો ઈ લોકોને. ને તમેય વિરજીભાઈ... આગળ આવા જોણ લઈને નો આવતા. ખોટું તમારે ને અમારે બેયને શરમમાં મુકાવું પડે છે.... સારું ત્યારે મળ્યા પછી. આવજો.”

“વહુ બેટા. એક સરસ મસાલાવાળી નકરા દુધની ચા પીવડાવો. ખાંડ થોડી ઓછી નાખજો. આ મગજ ભમવા લાગ્યું છે.” પોતાના પુત્રની ઈન્ટીરીયર ડિઝાઈનર પત્નીને ઘરમાં જ ગોંધી રાખનાર માણેકભાઈએ ઓર્ડર કર્યો...!!

# નવલકથા ઐક્યોત્સવ ૧૩

- ડૉ. અવનિ રવિ ચાંગેલા



નવ વાગ્યાનો સમય થતાં કોઈ જાતના ધમાલ વગર આહુતિ એકલી આવીને શાંતિથી બેસી ગઈ. અનેક લોકો આજે અહી અવરજવર કરતા હતા. ઘણા તો માત્ર વોટીંગ સીસ્ટમ જોવાના બહાને આજે આવવાના હતા. આ બધી વાતથી પર એવી આહુતિ પોતાનું પર્સ ખોલી તેમાંથી કોઈ મેગેઝીન કાઢીને વાંચી રહી, થોડીવાર બાદ ઢોલ- શરણાઈના અવાજો સાથે કોલાહલ કરતું છોકરાઓનું ટોળું આવી ચડ્યું. અત્યંત આત્મવિશ્વાસી એવો સમિધ તેની સેના સાથે પોતાના વિજયની ઉજવણી કરવા પૂર્વથી જ ફૂલમાળાઓ, ગુલાલ તથા ઢોલ-શરણાઈવાળા લાવ્યો હતો. આ જોઇને આહુતીને હસવું આવ્યું. અંતે ઇલેકશન કમિટીના પ્રેસિડેન્ટ એવા શ્રી પ્રિન્સીપાલ સાહેબ આવતા વોટીંગ સ્ટાર્ટ થયું.

સૌપ્રથમ વોટ સમિધે પોતાને આપ્યો, અને એલ.ઈ.ડી. ના વોટ બોર્ડમાં પોતાનું ખાતું ખોલ્યું, તેના આ વોટને તેના ટોળાએ ઉત્સાહની ચીચીયારી બોલાવી વધાવી લીધો. બાદ આહુતીએ પોતાના પક્ષમાંથી શિખાને પ્રથમ વોટીંગ કરવા મોકલી. સમય પસાર થતો ગયો તેમ તેમ અનેક વ્યક્તિઓ વોટીંગ કરતા ગયા. બંને વચ્ચે ખાસ્સી હરીફાઈ હતી. ક્યારેક સમિધ થોડા મતોથી આગળ નીકળી જતો, તો ક્યારેક આહુતિ..આ સ્પર્ધાને માણવા અનેક લોકો વોટીંગ કરીને ત્યાં હોલમાં જ ઊભા રહ્યા. સૌની નજર પરિણામ તરફ હતી. સમિધના શાર્પ મેનેજમેન્ટ મુજબ તેના મિત્રો મતદારયાદી હાથમાં લઈને ફરતા ફરતા એક-એક વ્યક્તિને શોધીને તેને સમિધની ફેવરમાં વોટીંગ કરવાનો આગ્રહ કરતા હતા, થોડો ચિંતિત એવો સમિધ પણ તે લોકોને બોલાવીને વારંવાર કંઈક ને કંઈક પૂછતો હતો. આ પરથી એક વાત તો સ્પષ્ટ હતી કે આજે સો ટકા વોટીંગ થવાનું હતું. આ દરમિયાન આહુતિ શાંતિથી પોતાની જગ્યાએ બેઠી હતી.

જેની સૌ કોઈ વિશેષ તો સમિધ અને આહુતિ રાહ જોઈ રહ્યા હતા તે ઘડી આવી પહોંચી, ઈલેકશન પૂરું થવા જઈ રહ્યું હતું. બધા લોકો વોટીંગ કરી ચુક્યા હતા, સિવાય કે બે વ્યક્તિ – આહુતિ અને પ્રિન્સીપાલ સાહેબ. વોટ બોર્ડની સ્થિતિ હતી આહુતિ- ૯૫૬ અને સમિધ -૯૫૬. બંને ને એક સરખા જ વોટ મળ્યા હતા. સમિધના મિત્રો પાસે રહેલી મતદારયાદીમાં માત્ર એક જ મતદારનું નામ બાકી રહ્યું હતું. એ હતું ‘આહુતિ અધ્વર્યુ’. પ્રીન્સીપાલશ્રી ઈલેકશન કમિટીના પ્રેસિડેન્ટ હોવાથી નિયમો અનુસાર તેને વોટીંગનો અધિકાર ન હતો.

અત્યાર સુધી મેગેઝીન વાંચી રહેલી આહુતીએ તે પર્સમાં મુક્યું. બાદ પોતાની બોટલમાંથી પાણી પી, નિરાંતે ઉભી થઈને કી બોર્ડ તરફ વોટીંગ કરવા ચાલી. સમગ્ર હોલ માણસોની મેદનીથી ભરાયેલો હોવા છતાં વ્યાપેલી નીરવ શાંતિને કારણે આહુતીના ચપ્પલ ટાઈલ્સને અથડાવાથી ઉત્પન્ન થતો  ટક ટક અવાજ પણ બધાને સંભળાતો હતો.

આહુતિ કી-બોર્ડ પાસે પહોંચી. બધાનું ધ્યાન વોટ-બોર્ડ પરના સ્કોર પર હતું. અચાનક જ વોટ-બોર્ડ ની સ્થિતિ બદલાઈ. આહુતિ- ૯૫૬ અને સમિધ-

૯૫૭. બધા લોકો અને સમિધ હજી કંઈ સમજે તે પહેલા આહુતિ વોટીંગ કરીને સમિધની સામે ઉભી રહી. વાતાવરણમાં રહેલી નીરવ શાંતિને ચીરતા તે બોલી.

"કોન્ગ્રેચ્યુલેશન સમિધ અગ્નિહોત્રી...યુ વોન.."

"વાય..આવું તે શા માટે કર્યું.?"

"હું તને હારતા કેમ જોઈ શકું !! મને ક્યાં પાવર અને પોઝીશન જોઈએ છે. મારે તો માત્ર સાબિત કરવું હતું કે સત્ય સ્વયં પ્રકાશિત- સુરક્ષિત હોય છે. અને અંતે તો વિજય ધર્મનો જ થાય છે. તો હું રીઝલ્ટ એવું લાવી કે તને જે જોઈએ તે તને મળી ગયું અને મને જે જોઈતું હતું તે મને મળી ગયું. હું હારીને પણ જીતી ગઈ અને તું જીતીને પણ હારી ગયો."

સમગ્ર હોલ આં બંનેની વાતચીતને સાંભળી રહ્યો હતો. આટલું બોલી આહુતિ પોતાની ચેર પરથી પોતાનું પર્સ ઉઠાવીને જવાની તૈયારી કરતી, ફરીથી તે સમિધની સામે આવી.

"યાદ છે, મેં કહ્યું હતું તને..આહુતિ નામ છે મારું, તને રોશન-પ્રજ્વલિત કરવાની તાકાત ધરાવું છું અને ભસ્મીભૂત કરવાની પણ..જ્યાં સુધી તું આ સ્ટુડન્ટ યુનિયનના પ્રેસિડેન્ટની પોસ્ટ પર રહીશ ત્યાં સુધી તું યાદ રાખીશ કે આ પોસ્ટ તને મારા કારણે મળી છે. અને બીજી એક વાત પણ યાદ રાખજે, એમ.એલ.એ. નો દીકરો છો તો ભવિષ્યમાં કામ પણ આ કામ લાગશે..'સત્તાની સાથે જવાબદારી પણ આવે છે..' આટલું બોલી આહુતીએ સમિધની પાસે પડેલો પેલો ઉજવણીના સામાનમાંના ગુલાલ ભરેલા કોથળામાંથી એક મુઠ્ઠી ભરીને ગુલાલ લીધો અને સમિધના ડાબા ગાલ પર લગાવતા બોલી.

"કોન્ગ્રેટ્સ વન્સ અગેઈન.. ટુ સેલીબ્રેટ યોર વિક્ટરી .." અને તે ચુપચાપ ત્યાંથી નીકળી ગઈ. બધાજ વ્યક્તિઓ બાઘા બનીને આ ઐતિહાસિક ઘટનાને જોઈ રહ્યા. સમિધના મિત્રોને સમજાતું નહોતું કે આ ફૂલો, ગુલાલ, ઢોલ, શરણાઈ, નું શું કરવું? તે આહુતીના શબ્દો અને ગુલાલથી અવાક બનીને બેઠેલા સમિધના કંઈક બોલવાની રાહ જોઈ રહ્યા. અને અંતે પ્રશ્ન પૂછતાં સમિધ કંઈ જ બોલ્યા વગર ત્યાંથી ચુપચાપ નીકળી ગયો, આહુતીની જેમ.

આહુતિ અને સમિધની વચ્ચે આ 'ઈલેક્શન ચેપ્ટર' પત્યા પછી એક નવું ચેપ્ટર ખુલ્યું હતું 'પ્રેમ-પ્રકરણ'. જી હા..ખબર નહિ કેમ સમિધ આહુતીની આગળ-પાછળ ફરતો તેને પટાવવા – મનાવવાની કોશિશો કરી રહ્યો હતો. બધા સ્ટુડન્ટસ માટે આ ચર્ચાનો વિષય હતો કે ખરેખર સમિધ



**"હાઈલી કોન્સન્ટ્રેટેટ આલ્કોહોલ પીધેલા તું મારી વાત પર કોન્સન્ટ્રેશન કર....સાંભળ, મારી પાસે ટાઇમ નથી તારી આ બકવાસ સાંભળવાનો, ઓલરેડી બહુ બધો ટાઇમ વેસ્ટ કર્યો છે મેં તારી પાછળ. જો નેકસ્ટ બે મિનીટ માં તું અહીંથી નહિ જાયને તો હું પોલીસને બોલાવીશ અને મીડિયાને પણ.."**

આહુતીને પ્રેમ કરવા લાગ્યો છે કે આ તેની કોઈ નવી ચાલ છે. બધા માટે ચર્ચાનો આ વિષય આહુતિ માટે પણ ખરેખર વિચારવા જેવો હતો. તેને સમજાતું નહોતું કે પોતાની સાથે આ શું થઈ રહ્યું છે. એકબાજુ સમિધના આવા નખરા અને બીજી બાજુ તેની એક્ઝામ નજીક આવતી હોવાથી વાંચવાનું ટેન્શન.

"જ્યારથી તે મારા ગાલ પર ગુલાલ લગાવ્યો છે ને ત્યારથી હું તારા રંગમાં રંગાઈ ગયો છું.." આ વાક્ય સમિધે આહુતીને પુરા પાંચસો વખત કહ્યું હશે છતાં આહુતીને તેના પર જરાય વિશ્વાસ આવતો ન હતો, પણ તે ડીસ્ટર્બ રહેતી. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ તેના નવા નવા નખરા અને ડાયલોગ પણ વધતા ગયા. જેમ કે "તારા પ્રેમને કારણે મેં આલ્કોહોલ ડ્રીન્કીંગ છોડી દીધું છે અને રોજ રોજ તારી જેમ બોર્નવિટા પીવું છું અને મારી ગેંગને પણ તે પીવડાવું છું, શું કરું યાર..તારો નશો જ એવો છે, જેની પાસે આલ્કોહોલ પણ ફિક્કો છે." સમિધના આવા ડાયલોગ પર આહુતિ પેટ પકડીને હસતી.



"પરંતુ હવે વાત જરા વધારે સીરીયસ બની ગઈ હતી. સમિધ તેને છેલ્લા પંદર દિવસથી દરરોજ અનેક વાર મેસેજ કરતો કે "પ્લીઝ, માની જા..નહિ તો હું સ્યુસાઈડ કરી લઈશ." આ મેસેજ પર આહુતિ પેટ પકડીને હસી શકતી નહોતી, તેને જાણે-અજાણે આ છોકરાની ચિંતા થતી, તો ક્યારેક તેનું મગજ તેને કહેતું કે "શું ભરોસો આ દગાબાજ અને ડ્રામાબાજ છોકરાનો?" તો ક્યારેક "નહિ ને તે જુનુંનમાં આવીને આડા-અવળું પગલું ભરી લે તો તેના માં-બાપનું શું?" વિચારોના તુમુલ યુધ્ધને કારણે તે વાંચી પાન શકતી નહોતી. તેના અનેક દિવસો આ રીતે બગડી રહ્યા હતા. તે વિચારી રહી કે જો પોતે આ જ સ્થિતિમાં રહેશે તો ફેઈલ થશે. માટે તેના મગજે કંઈક પ્લાન ઘડ્યો.

એક દિવસ તે સમિધના હોસ્ટેલ પરના રૂમમાં ગઈ. તે બેડ પર બેઠો બેઠો ખોળામાં લેપટોપ રાખીને આરામથી ગેમ રમતો હતો.તે કઈ સમજે કે પૂછે તે પહેલા જ આહુતીએ પૂછ્યું. "ડુ યુ રીયલી લવ મી?"

"હા ડીયર..આઈ લવ યુ અલોટ." લેપટોપ સાઈડ માં રાખતા તે બોલ્યો.

"જો હું નહિ માનું તો તું સ્યુસાઈડ કરી લઈશ ને ?"

"હા હું મારી જઈશ, તારા વગર એક મિનીટ પણ નહિ જીવી શકું, મારાથી આ સહન નહિ થાય " અત્યંત દયામણો ચહેરો કરીને તે બોલ્યો.

"ઓ.કે. બોલ...કેટલા કલાકમાં મરવું છે? આઈ મીન કે મારી પાસે વેરાયટી છે પોઇઝનની. જો આ બોટલથી ચોવીસ કલાકમાં ડેથ, અને આ બીજી ગ્રીન કલરની બોટલથી આઠ થી દસ કલાકમાં. આ ઓરેન્જ ફ્લેવરવાળું પોઈઝનથી એક થઈ ત્રણ કલાકમાં અને લાસ્ટ આ બોટલથી માત્ર પાંચ મીનીટમાં ડેથ. બોલ તને કયું આપું? પોતાના પર્સમાંથી અનેક બોટલો કાઢી સમિધને આપતા તે બોલી.

જવાબમાં સમિધ કંઈ ન બોલ્યો. માત્ર બધું જોઈ રહ્યો. આથી આહુતીએ એક બોટલનું ઢાંકણ ખોલ્યું અને બોલી,"લે..આ તને મારા હાથેથી પીવડાવું, એક થઈ ત્રણ કલાકમાં ડેથવાળું, મારી ફેવરીટ ફ્લેવર ઓરેન્જવાળું પોઈઝન મારા જ હાથે." અને તે બોટલને સમિધના હોઠ સુધી લઈ ગઈ.

અત્યંત ચીડાયેલો સમિધ તે બોટલનોઘા કરીને દુર ફેંકતા બોલ્યો. શું સમજે છે મને હા..? હું પાગલ છું કંઈ કે મારી જાવ! એ પણ તારા હાથે ઝેર પી ને,

નેવર..આ તો મારો પ્લાન હતો, તને પછાડવાનો..તને એક જ રીતે ભાંગી શકાય, તોડી શકાય જો તું એક્ઝામમાં ફેઈલ થાય અને તે માટે મારે અત્યારે તારા રીડીંગટાઇમમાં મારે તારું માઈન્ડ ડીસ્ટર્બ અને ડાયવર્ટ કરવું હતું એટલે મેં આવો ડ્રામા કર્યો."

"મેં પણ આ ડ્રામા એટલે જ કર્યું, આ બધી બોટલમાં શરબત છે કોઈ ઝેર નથી.મને ખબર હતી કે તું આવું ડ્રામા જ કરતો હોઈશ. કારણ કે તું ક્યારેય કોઈનો ન થઈ શકે, કોઈને પ્રેમ ન કરી શકે સિવાય કે તારી જાત. તું કોઈના પ્રેમને પણ લાયક નથી અને કોઈને પ્રેમ કરવાને પણ."

**"મારા બાપનું નામ હવે મને ક્યાંય જેક લગાડવા તો કામ નથી આવતું પણ મને ન્યુઝપેપરની હેડલાઈન બનાવવામાં કામ આવે છે, જોઈ લઈશ તને હું, પિક્ચર અભી બાકી હે મેરે દોસ્ત."**

"ઓહ..જરાક કોલેજના કેમ્પસમાં એક આંટો મારીને આંખો ખોલીને જોઈ લે, કેટલી બધી છોકરીઓ મારા માટે પાગલ છે, મને મેળવવા તડપે છે."

"હા..હશે.., આમ પણ અમુક છોકરીઓની બુદ્ધિ પગની પાનીએ હોય છે, ખબર નહિ એને તારામાં શું જોયું હશે? કદાચ તારી રોયલ લાઈફસ્ટાઇલ અને પૈસા."

"હા..કદાચ એ જ. પણ તેથી શું? હું ગમે તેટલી છોકરીઓનો પ્રેમ આ રીતે ખરીદી શકું છું? મને જરૂર નથી તારા જેવી સત્યની દેવીના પ્રેમની.."

"ભગવાને ઘણી બુદ્ધિ આપી છે મને, આ તો શું આવતા સાત જન્મો સુધી તારા જેવા નૈતિકમૂલ્યોનું અધપતન કરતા, જેની પાસે આડંબર સિવાય કશું જ નથી તેને હું પ્રેમ ન જ કરું. 'સાચો પ્રેમ' શું છે એ તને ક્યારેય નહિ સમજાય, અને મળશે પણ નહી. 'ખરીદવું' અને 'પામવું' વચ્ચેના તફાવતને સમજાવવાનો મને ટાઇમ જ નથી." આહુતિ ઝુનુનમાં બોલીને ત્યાંથી જતી રહી.

ત્યાંથી જઈને તરત જ તે પોતાના રૂમમાં વાંચવા બેસી ગઈ, રાતના આઠ વાગ્યા છતાં તે વાંચતી હતી.તેવામાં તેને સમિધનો અવાજ સંભળાયો. બારી પાસે ઉભી રહીને જોતા નીચે ગાર્ડનમાં ઉભેલો વધુ પડતું ડ્રીંક કરેલો સમિધ લથડીયા ખાતો કંઈક અસંગત વાતો કરીને આહુતીને ઉદેશીને કંઈક ને કંઈક બોલી રહ્યો હતો. તું શું સમજે છે તારી જાતને..શું મજા આવે છે તને મને હરાવવાની...મને એક મિનીટ પણ શાંતિ નથી મળતી, સિવાય કે આ સ્થિતિમાં..તારાથી તો સારો આ આલ્કોહોલ..મારો સાચો સાથી, જે મને સુખ જ સુખ આપે...ઓન્લી હેપીનેસ.." આ બોલતા તે નીચે પડતા પડતા રહી ગયો.

આહુતિ નીચે જઈને તેની સામે જોઇને બોલી, "હાઈલી કોન્સન્ટ્રેટ આલ્કોહોલ પીધેલા તું મારી વાત પર કોન્સન્ટ્રેશન કર....સાંભળ, મારી પાસે ટાઇમ નથી તારી આ બકવાસ સાંભળવાનો, ઓલરેડી બહુ બધો ટાઇમ વેસ્ટ કર્યો છે મેં તારી પાછળ. જો નેકસ્ટ બે મિનીટ માં તું અહીંથી નહિ જાયને તો હું પોલીસને બોલાવીશ અને મીડિયાને પણ.. આવતીકાલના ન્યૂઝપેપરમાં હેડલાઈન હશે 'એમ.એલ.એ.ના પુત્રએ દારૂ પીને ગર્લ્સ હોસ્ટેલમાં રાત્રે કરેલ હોબાળો.' તો જ અહીંથી, યોર ટાઇમ સ્ટાર્ટ નાવ.."

"હા, ધમકી દે મને તું, મારા બાપનું નામ હવે મને ક્યાંય જેક લગાડવા તો કામ નથી આવતું પણ મને ન્યુઝપેપરની હેડલાઈન બનાવવામાં કામ આવે છે, જોઈ લઈશ તને હું, પિક્ચર અભી બાકી હે મેરે દોસ્ત." કહેતો તે લથડીયા ખાતો ત્યાંથી જતો રહ્યો.

# ફોટો-સ્ટોરી

- ભાગ્યેશ પટેલ












# તથાગત સાથે ચીટ-ચેટ...

- સ્વીટી પટેલ



આજે મુલાકાત લીધી છે આપણે કાજલ ઓઝા વૈદ્ય અને સંજય વૈદ્યના "રોકસ્ટાર" દીકરા તથાગતની. જેમને ગળથુથીમાં ભાષા અને સાહિત્ય મળેલું છે એવા તથાગતને પોતાની મરજીની સાવ અલગ જ કારકિર્દી ઘડવામાં કોને અને શેને ભાગ ભજવ્યો? અને તથાગત માત્ર "કાજલ ઓઝા વૈદ્યનો દીકરો" તરીકે ઓળખાવાનું કેમ નકારે છે,એમને પોતાની ઓળખાણ જોઈએ છે- આ બધા વિષે જાણવાનો tryઆ ચીટ-ચેટમાં આપણે કરીશું.આ આખા sectionમાટે પંખનો સાથ આપ્યો ખુબ મીઠાબોલા અને પ્રતિભાશાળી સ્વીટી પટેલે.



**સ્વીટી: તથાગત, હું શરુ કરવા ઈચ્છીશ આપના બાળપણથી. બાળપણ નો તથાગત કેવો હતો?અત્યારે જે રોકસ્ટાર તથાગતને જોઈએ છે એ પેહલા કેવો હતો?**

__તથાગત:__ મને નથી લાગતું કે હું અત્યારે રોકસ્ટાર છું,કદાચ નાનો હતો ત્યારે વધારે રોકીંગ હતો.નાનો હતો ત્યારે બસ સાઇઝમાં ફરક હતો. હજી પણ હું મનથી બાળક જ છું, હજી પણ એટલો જ આળસું છું. પેહલા પેઈન્ટીંગ કરતો હતો હવે ગિટાર વગાડું છું.

**સ્વીટી: તો જેમ દરેક બાળકનું સપનું હોય કે મોટું થઈને મારે આ બનવું છે તો તારે પેઈન્ટર બનવું હતું?**

__તથાગત:__ હા, મને ગાડીઓનો પણ ખુબ શોખ હતો તો હું એવું પણ કેહતો હતો કે મારે ઓટોમોબાઇલ એન્જીનીયર બનવું છે, પણ હું સ્કુલમાં મેથ્સમાં ફેઇલ થયો અને પછી મેં આ એન્જીનીયર વાળું જવા દીધું કે મેથ્સ નહિ ફાવે આપણને. ભણવામાં મને પેહલેથી બહુ રસ નથી રહ્યો એ હું સ્વીકારું છું.હું સ્કુલમાં પણ બુક્સ નહોતો લઇ જતો, સ્કેચ-બુક લઇ જતો અને કૈક મન થાય એમ ચીતરતો.ટીચર્સના ફેસ બહુ બનાવ્યા છે મેં!!

**સ્વીટી: તમારા સ્કુલીંગ વિષે કઈ જણાવો.**

__તથાગત:__ સ્કુલીંગ બહુ અપ-ડાઉન વાળું રહ્યું છે. મેં શરુ કરેલું બાળ-ઘર માંથી,ચોથા સુધી ત્યાં રહ્યાં પછી મેં C.N. જોઈન કરી,જ્યાં હું આઠમાં સુધી રહ્યો પછી વિશ્વભારતીમાં ટેન્થ સુધી કર્યું એના પછી સ્ટુડન્ટ એક્ષચેન્જમાં હું જર્મની ગયેલો, ત્યાં નવ મહિના રહ્યા પછી મેં 11-12 AISમાં કર્યું.અત્યારે હું ઓડિયો-એન્જીનીયરીંગ નો કોર્સ કરી રહ્યો છું.

**સ્વીટી: જે તમે એક્ષચેન્જની વાત કરી તો એ ખુબ મોટો અને સારો ચાન્સ કેહવાય. તો એમાં શું શીખવા મળ્યું? શું બદલાવ આવ્યો તથાગતમાં કે એની લાઇફમાં? આવી રીતે બહારના દેશમાં એકલા, પરિવાર વગર રહેવાથી ઘણીવાર વ્યક્તિને પોતાનામાં કૈક જડી આવે. તને એવું શું જડેલું?**

__તથાગત:__ પેહલા તો ત્યાં જતાં વખતનું એટલે નક્કી થયેલું કે મને મમ્મીએ કહેલું કે પાછો આવ્યા પછી એ મને નવું ગિટાર અપાવશે. ફેમીલી વગરમાં તો મને ખાસ એવું નહોતું લાગ્યું કારણકે મારે મમ્મી-પાપા જોડે રોજ જ વાત થતી

હતી.ત્યાં જઇને મને ખ્યાલ આવેલો કે મને પ્રોડક્શન કરવું ગમે છે. કૈક નવી ધૂન, નવું મ્યુઝીક બનાવવું છે મારે એ મને સૌથી પેહલા ત્યાં ફિલ થયેલું.ત્યાં મેં સાવ સાદી રીતે, માઈકના સ્લોટમાં વાયર નાખીને લેપટોપમાં રેકોર્ડ કરવાનું ચાલુ કરેલું.પછી ધીમે ધીમે હું શીખ્યો કે કેવી રીતે એકદમ પરફેક્ટ રેકોર્ડ કરાય અને હવે પાછા આવ્યા પછીનું મેં એ ચાલુ જ રાખ્યું છે અને અત્યારે જેમ મેં કીધું ઓડિયો-એન્જીનીયરીંગનો કોર્સ ચાલુ છે.

**સ્વીટી: તો ગીટારનો ક્રેઝ એ વખતથી જ છે એમ? તમને પેહલું ગિટાર ક્યારે અને કેવી રીતે મળેલું એ જાણવું અમારા માટે intresting રેહશે.**

**તથાગત:** મારું પેહલું ગિટાર મેં શર્મા મ્યુઝીક માંથી લીધેલું, જે ૧૫૦૦ રૂપિયાનું ટ્રાઈ-સ્ટારનું ગિટાર હતું અને એ વખતે લગભગ ૧૪ વર્ષનો હોઇશ મને હજી પણ યાદ છે, મેં એના માટે ૬ મહિના સુધી મમ્મીને હેરાન કરેલા અને પછી એમને મને અપાવેલુ. મમ્મીને વિશ્વાસ નહોતો કે હું ગિટાર શીખીશ કારણકે એના પેહલા મેં તબલા અને કી-બોર્ડ બંને લગભગ 6-6 મહિનામાં શીખવાનું છોડી દીધેલું.અને ક્રેઝ આમ એકદમ નથી એવી કોઈ મોમેન્ટ કે જેમાં આમ થાય કે ના બસ આ જ કરવું છે. તમે ક્યારેક વગાડતા હોય ક્યારેક એમ જ પડ્યું હોય અને તમને ક્યાંક લાગે કે ના મને આ instrument સાથે ટાઇમ spend કરવો ગમે છે. અને બસ એમ જ સંગીત સાથે મારો gradual સંબંધ છે.

**સ્વીટી: જો તથાગત તમને એમ કહું હું કે દુનિયામાંથી ગિટાર કે આખેઆખું મ્યુઝીક અચાનક ગાયબ થઇ જાય તો તથાગત શું કરે?**

**તથાગત:** જો મને સાંભળવા પણ ના મળવાનું હોય તો પછી તો તથાગત પણ નથી. કદાચ ગિટાર વગર હું ચલાવી શકું,પણ મ્યુઝીક સાંભળ્યા વગર મારી કોઈ હસ્તીનો સવાલ જ નથી.

**સ્વીટી: ખુબ ફેમસ લેખિકા કાજલ ઓઝા વૈદ્ય, ખુબ મોટા દરજ્જાનાં ફોટોગ્રાફર સંજય વૈદ્યના સંતાન, વળી તમારા નાના દિગંત ઓઝા પણ ખુબ પ્રખ્યાત પત્રકાર હતા, તો આવા પરિવારના ભાગરૂપે ગુજરાતી ભાષા અને સાહિત્ય તો તમારા લોહી માં છે એમ કહી શકાય.તો તારું ગુજરાતી સાથે કેવું કનેક્શન રહ્યું છે?**

**તથાગત:** હું કહીશ કે હું ગુજરાતીમાં વિચારું છું. આનાથી વધારે કઈ પણ કેહવાની મને જરૂર નથી લાગતી.

**સ્વીટી: આમાં હું કેહવા ઈચ્છીશ કે કાજલ મે'મ ની જ એક લાઈન છે કે 'તમારી ભાષા એ છે જેમાં તમે વિચારો છો.'**

**તથાગત:** હા તો આવી રીતે સોન્ગ્સમાં હું ઘણી અલગ અલગ ભાષાનાં સાંભળતો કે વગાડતો હોઉં, પણ જો હું કોઈ english સોંગ પણ લખતો હોઉં ને ક્યાંક તો એના શબ્દોમેં આમ ગુજરાતીમાં જ આડા-અવળા લખ્યા હતા. અમારું હમણાં એક નવું સોંગ બન્યું 'co-incident' એની 'thought-process' પણ ગુજરાતીમાં જ શરુ થયેલી. સ્વાભાવિકપણે એ મારી ભાષા છે, એમાં જ મારી vocabulary વધારે છે, તો તમે એમાં જ શરુ કરવાના.

**સ્વીટી: તો તારા પાયા ગુજરાતી સાથે જોડાયેલા છે એવું કહી શકાય?**

**તથાગત:** બધી જ વસ્તુના પાયા એની સાથે જ જોડાયેલા છે. છેલ્લે ગમે તે હોય હું વાત તો ગુજરાતીમાં જ કરું છું એ જ મારી ભાષા છે. મારું જે બેન્ડ છે એમાં અમે બધા ગુજરાતી છીએ, મારા જે બીજા સોલો પ્રોજેક્ટ્સ છે એના મેમ્બર્સ ગુજરાતી છે, તો અમે વાતો પણ ગુજરાતીમાં જ કરીએ છીએ.

***મનોરી: તો વચ્ચે હું પૂછવા માંગીશ કે તમે જે રીતના માહોલમાં છો, રોકસ્ટાર અને બધું તો, હવે ઘણી જગ્યાએ એવું થઇ ગયું છે કે english માં બોલવું is cool, તો તમને ક્યારેય એવું ફિલ નથી થયું કે ગુજરાતીમાં જો કોઈ સાથે વાત કરશો તો એ આમ તમારી image ને સુટેબલ નહિ રેહ?***

**તથાગત:** ના મને એવું નથી લાગતું. અમારું બેન્ડ જે છે એ ખાલી instrumental વગાડે છે, તો અમને એટલી સ્વતંત્રતા રહે છે કે કઈ ભાષામાં વિચારવું કે બોલવું. જયારે અમે સ્ટેજ પર હોઈએ ત્યારે અમે કોઇ દિવસ નક્કી કરીને નથી જતા કે શું કરીશું શું નહિ, એ તો spontaneous જ હોય, અને trust me, જયારે આમ કોઈની પણ સાથે કામ કરતા હોઈએ તો બધા તરફ થી વિચારવું ખુબ જરૂરી હોય છે. તો અમે સ્ટેજ પર કદાચ ના પણ બોલીએ પણ અંદર-અંદર તો ગુજરાતીમાં જ વાત કરીએ છીએ.

**સ્વીટી: કોઈ ગુજરાતી કવિતા કે ગઝલ પરથી મ્યુઝીક બનાવ્યું હોય એવી કોઈ ઘટના?**

**તથાગત:** અમારું જે આલ્બમ આવી રહ્યું છે એમાં ક્યાંક મારી મેઈન પ્રેરણા હર્ષ બ્રહ્મભટ્ટના કાવ્યસંગ્રહ છે.- 'સમય'(૧ થી ૧૧ ) . વચ્ચે એવો ટાઇમ હતો કે હું બહુ અટવાયેલો હતો, ત્યારે મમ્મીની ઓફીસ ગયેલો અને હર્ષ બ્રહ્મભટ્ટની અમુક બુક્સ પર નજર પડી અને મને આકર્ષી ગયેલી. ખાસ "મૌનની મહેફિલ" મને ગમી ગયેલી. મારા જે સાઉન્ડ-સ્કેલ છે એ તો એના પર જ આધારિત છે પણ હજી હું sure નથી કે કવિતાને કે એની પંક્તિઓને હું વાપરીશ. ખાસ અમે english સોન્ગ્સ પણ વગાડીએ છીએ, મારી વાત કરું તો pink-floyd, rolling stones અને 70s અને 90s ના મ્યુઝીક પરથી અમે શરુ કર્યું છે વગાડવાનું, મારા જો કે પ્રિય બેન્ડ્સ છે આ, પણ હું મારી ભાષાને મારા મ્યુઝીકમાં સમાવવાનો try કરું છું.તો ગુજરાતી સિંગિંગ કે folk music સાથે હું જોડાયેલો નથી પણ આ રીતે અમે ગુજરાતીને tunesમાં સમાવવાનો બસ નાનો-મોટો પ્રયત્ન કરીએ છીએ.

**સ્વીટી: ગીટારીસ્ત તરીકેની તમારી journey વિષે થોડું જણાવશો?**

**તથાગત:** જેવું 8thમાં ગિટાર મળ્યું કે તરત શીખવાનું ચાલુ કરેલું,પણ એ સર સાથે માંડ એક મહિનો શીખ્યો હોઈશ અને એમને છોડી દેવું પડ્યું, પછી થોડા સમય બાદ લગભગ એક મહિના માટે જ જતીનકાકા પાસે થી શીખ્યો અને એના પછી મારા એક દોસ્ત હર્નીલ પાસે શીખ્યો જે હું અત્યારે જે રીત નું વગાડું છું એવું મ્યુઝીક હતું. બાકી અમુક થોડું જાતે એક્ષ્પ્લોર કર્યું. મેં શરુ કરેલું એક બેન્ડ સાથે જેનું નામ મેં Indian Ocean ના જ એક ગીત પર થી રાખેલું અને અમે અમદાવાદ સેન્ટ્રલ જેલમાં વગાડનાર પેહલાં બેન્ડ હતા. એ બેન્ડમાં અમે બધા એક જ ક્લાસના હતા.લગભગ ૧૫ વર્ષનાં હોઈશું અમે બધા. પછી મેં ઉડાન બેન્ડ સાથે કામ કર્યું છે. મારો એક મ્યુઝિક વિડીયો આવેલો જેમાં પૃથ્વી સાથે મારું હતું feature.

**સ્વીટી: હવે જો આપના parentsની વાત કરીએ તો એમનો approach કેવો રહ્યો છે તમારા મ્યુઝીક માટે?**

**તથાગત:** એ આધાર રાખે કે હું ખરેખર શું કરી રહ્યો છું? જો હું એમ જ વગાડતો હોઈશ કે માંચેડતો હોઈશ તો મમ્મી આવીને એક આંટો મારી જશે કે બેસે કે મળવા આવે, પણ જો હું રેકોર્ડીંગ કરવા બેઠો છું તો કોઈ disturb ના કરે. એ લોકોને બસ હું ખરેખરી મહેનત અને passion થી કામ કરું એ જ જોઈએ છે. તો કામના મામલે એમનો પુરેપુરો support રહ્યો છે.પણ હા એ બંને ને એક ફોર્મલ ડીગ્રી જોઈએ છે. તો હોઇ શકે કે હું અમુક સમય પછી હું કોઈ મ્યુઝીક કોલેજમાં જઈશ.

**સ્વીટી: તમારા પરિવારમાં તમારી પ્રેરણા કોણ રહ્યું છે? મ્યુઝીક માટે નહિ તો એમ જ, પણ તથાગત કોના સાથે ખુબ attached છે ?**

**તથાગત:** મારા દાદા અને નાના સાથે મને ખુબ attachment રહ્યું છે. એ બંને સાથે હું ખુબ રહ્યો છું અને બંને એકદમ "chilled" હતા. મારામાં જે કઈ છે એ એમની જોડે થી ઘણું આવેલું છે. મારા માટે એ લોકો ફ્રેન્ડ,ટીચર, અને "grand" parents હતા.

**સ્વીટી: અત્યારે જે ગુજરાતી નવા મુવીસ અને મ્યુઝીકનો ટ્રેન્ડ ચાલે છે, એમાં પણ ખુબ સ્કોપ અને ઓપ્શન્સ દેખાઈ રહ્યા છે. even હિન્દી ફિલ્મ્સમાં પણ જુના ગીતો કે ગઝલ recreate થઇ રહ્યા છે. તો તમારો કોઈ પ્લાન કે comment? અને આપનો future plan શું છે?**

**તથાગત:** future-planમાં તો બહુ બધા આલ્બમ રેકોર્ડ કરવા છે, tours કરવી છે અને એક ગ્રેમી એવોર્ડ જીતવો છે જો થઇ શકે તો..અને રહી વાત ગુજરાતી જુના ગીતો કે ગઝલની તો મને નથી લાગતું કે એ રીતનાં મ્યુઝીકમાં મારું મ્યુઝીક સેટ થશે કે જે બનાવી રહ્યા છે એમને ગમશે. મને ચોક્કસ બહુ બધી કવિતાઓને recreate કરવી ગમશે. પણ એના માટે પેહલા મારે એમને વાંચવી અને માણવી પડશે. હું પહેલાથી જ સારો રીડર નથી. હું મ્યુઝીકના માધ્યમથી ગુજરાતીને સમજવાનો અને એની સાથે જોડાયેલા રહેવા માંગતો માણસ છું. તો કવિતાઓ વાંચી,જાણી સમજીને એમને ક્યાંક વાપરવી કે કૈક નવું રૂપ આપવું મને ચોક્કસ ગમશે.

**સ્વીટી: અત્યારે જે બધા ટીન-એજેર્સ છે, એમાં મોટાભાગનાનું ક્યાંક જીવનના એક તબક્કા પર સપનું હોય છે કે હું ગિટાર વગાડું કે બેન્ડમાં પેર્ફોર્મ કરું. પણ સમય જતા એ છૂટી જાય છે અથવા જાળવી નથી શકતા.તો એ બાબતે આપનું શું કેહવું છે?**

**તથાગત:** હું કહીશ કે એમનામાં ધીરજનો અભાવ છે. તમે ગઈકાલે ગિટાર ખરીદ્યું તો આજે તમે એના પર સોલો પરફોર્મ નહિ કરી શકો.સ્કેલ, tuning અને બીજી ઘણી વસ્તુઓ શીખવાની હોય છે અને એના માટે સમય જોઈએ જ.જરૂરી નથી કે તમે કોઈ જોડેથી શીખો, કદાચ જાતે પણ એક્ષ્પ્લોર કરો,પરંતુ ધીરજ વગર કોઈ મતલબ નથી.ક્લાસમાં અને એમ જઈને અત્યારે મોટા ભાગે બધા ડાયરેક્ટ સોંગ જ શીખે છે,પણ એમાં લાંબા સમય સુધી મઝા નથી.તમે બે-ત્રણ દિવસ સુધી ખુશ રેહશો.પણ પછી તમને નવું ગીત શીખવું પડશે કે જોઇશે.તો જો સ્કેલ શીખેલા હશો તો ઈચ્છો એ કરી શકો.

**મનોરી: છેલ્લે એક સવાલ તથાગત,કે એક વાર તમે પોતાની જાતને આમ મ્યુઝીક માટે સ્થાપિત કરી દીધી, આ જે બધી tours અને all,પછી શું આપ નવા ગુજરાતી યુવાનો કે મ્યુઝીક જે શીખવા માંગતા હોય એમને સીખ્વાડવાનું પસંદ કરશો?**

**તથાગત:** હું એ બાબતે હજી sure નથી. હમણાં મારો એક પ્રોજેક્ટ છે જેમાં એક મ્યુઝીક વર્કશોપમાં હું એક સેશન લેવાનો છું. એના પછી કદાચ મને પોતાની જાત પર એક ટીચર તરીકે વિશ્વાસ બેસે. પરંતુ હા ક્યાંક અમુક સમય પછી હું ચોક્કસ મારા અનુભવ અને knowledge વહેંચવા ઈચ્છીશ.



તથાગત વૈદ્ય

# ગુલાબજળ

- યાજ્ઞિક વઘાસિયા



*"લાંબી છે જિંદગી છતાં ટૂંકી બનીને રહી ગઈ,*
*બે ત્રણ પ્રસંગોમાં અહીં આખા જીવનનો સાર છે."*

"ગોળ વઈણ ને હરખી. આ હું ભારતના નકસા જેવી કરી સે! બધી બાઝુથી હરખું વેલણ ફેરવ્વ. એ હાવ્સ રામ... સીખ કંઇક ભૈસાબ. તારા હાહરે જઈસ તો ઈ લોકો હું કેહે? આ ભુન્દરીને એની માએ કાઈ સીખ્વાડ્યું ઝ નહી હોય હેં?! અમને લઝ્વીસ તું હાળી. હાવ્લ હવે ખોટો સુલો બાળતી. બેય કામમાં સાથે ફાવટ હોવી ઝોઇ. એક રોટલી સુલામાં ચડે તાં હુધીમાં તો બીઝી વણાઈ ઝવી ઝોઈ... હાલ હાલ હવે સોટ્પ રાખ્ય. તારા બાપા હમણાં આવી જાહે ને થાળી પસાડસે..."



બા મને રોજ આ રીતે જ ટોકતી. મને ના ગમતું એ. પણ હું બા સામે કંઈ બોલી ના શકતી. બાએ મને આ રીતે જ ટોકી-ટોકીને બધા કામ શીખવાડ્યા. વાસણ-પોતું-હંજવારી. બધું જ. શીંગની ચીક્કીથી લઈને અડદિયાની ઢેફલી ને મોતીચુરના લાડવા પણ બાએ જ મને શીખવ્યા. બા પાસે કોઈ પાકશાસ્ત્રની ચોપડીયું નોતી. પણ એની રસોઈ ચાખીને બધા આંગળા ચાટવા મંડે, એવી સરસ રસોઈ બનાવતી બા. મને હંમેશા એમ થતું કે હું બા જેવી રસોઈ તો ક્યારેય નો બનાવી શકું. વધારે માણસોનું રસોડું હોય ને બીજું કોઈ રસોઈ બનાવે તો તરત સ્વાદમાં ફરક પડી જાય. પણ બાની રસોઈમાં બે જણની રસોઈમાં આવે એવો મજબુત સ્વાદ દોઢસો માણસની રસોઈમાં પણ આવતો!

મારે સોળમું બેઠું પછી એક સવારે મને આ પ્રીશુના પપ્પાને એ લોકો પહેલીવાર જોવા આવ્યા. હવે ગામડા-ગામમાં તો ત્યારે કોઈ મે'માનને ખાધાં વગર પાછા મોકલે કાઈ? બધા બપોરું કરવા રોકાયા. બા મારી સાથે જ હતી રસોડામાં. મને થ્યું કે આ જોવાવાળા મે'માન છે ને ખાવામાં કંઇક મીઠું-મરચું વધઘટ થઇ જાશે તો? એટલે મેં બા ને પૂછ્યું,

"બા. મીઠું કેટલું નાખું?" તપેલા પર શાકની મીઠા ભરેલી ચમચી રાખીને હું બેઠી રહી. બા કંઈ ના બોલી.

"બા... એ બા... કે ને...." બા હજી ચુપ જ હતી. મને થયું કે વળી બાને શું થયું. કેમ જવાબ નથી દેતી?! મેં મને ઠીક લાગ્યું એટલું મીઠું નાખી દીધું.

રસોઈ બની ગઈ.. પૂરી-શાક, ભજીયા, બાસુંદી, દાળ-ભાત. પાપડ પણ તળી દીધા. બધાને જમવા બેસાડ્યા. મેં માથે દુપટ્ટો રાખીને બધું પીરસ્યું. સરખા જોવાયા પણ ન્હોતા પ્રીશુના પપ્પા!

મેં ઝટપટ રસોઈ બનાવી લીધી ને બધાને જમવા બેસાડ્યા. થોડું ખાઈને પ્રીશુના પપ્પાના બાપુ એટલે કે મારા સસરાએ કીધેલું કે,

"હારું બનાવ્યું સે હોં..."

હું રસોડામાં ઉભી ઉભી બધું સાંભળતી હતી. મેં બાને પુછ્યું

કે
"હેં બા. કોઈએ કેમ પૂછ્યું નહી કે કોણે બનાવી છે રસોઈ એમ?!"
"એ લોકને ખબર ઝ હોય કે ઝે સોડીને ઝોવા આયવા હોય એ સોડીએ ઝ બનાવ્વી હોય...."
હું કંઈ સમજી નહી.



"બા... પણ મેં છોકરાને સરખો જોયોય નથ..."
"તારે હરખો જોઇને હું કરવું સે? તારા બાપુ નક્કી કરસે. એણે ઝોઈ લીધો. તારે ઝોવાની ઝરૂર નથી કાઈ... અમારી વખતે તો સીધા મંડપમાં ઝ જોવાતા ને ઈય તે આડો ઘૂમટો તાણ્યો હોય. હાયલી મળી સે લે. હરખા ઝોવાવાળી..."
મે'માન જતા રહ્યા પછી બા ને મેં પાછું પૂછ્યું કે,
"બા. તમે મને કીધું કેમ નહી કે મીઠું કેટલું નાખું એમ?!"
બા આ વખતે પણ કંઈ ના બોલી.
જયારે અમે જમવા બેઠા ત્યારે બધું ચાખીને બાએ મારા માથા પર હાથ ફેરવ્યો ને બોલી,
"બટા. તને મારી ઝેવું રાંધતા આવડી ગ્યું હોં..."
બા રીતસરની રડવા જ લાગી. એને અહંત્રે ગ્યું. મેં પાણી આપ્યું. મારાથી પણ રોવાઇ ગયું. બાએ મને એ દિવસે એના હાથેથી જ ખવડાવ્યું!
રોન્ઢે મને બા બસમાં બેસાડીને તાલુકે બજારમાં લઇ ગઈ ને મને નવી ચુંદડી, બંગડી ને લાલી લઇ દીધી. કુલ્ફી પણ ખવડાવી.
પછી તો મારા લગન નક્કી થઈ ગયા. આ પ્રીશુના પપ્પા જોડે જ.
બાને પછી મેં ઘણીવાર રડતી જોઈ. મને એના ખોળામાં માથું રાખીને સુવડાવતી ને માથે ધીમેધીમે હાથ ફેરવતી. એની આંખોમાંથી દડદડ થતાં આંસુડા મારા ગાલેથી પણ રસ્તો કરી જતા. મારાથી બાને રડતી ન'તી જોવાતી એટલે હું આંખો બંધ કરીને પડી રે'તી.
મેં બાને સૌથી વધારે રડતા ત્યારે જોઈ જયારે બાએ મને ગાડામાં બેસીને વળાવી. હું અહીં આવતી રહી એ પછી એ કેટલું રડી, એનો હિસાબ નથી મારી પાસે. હું કરી શકું એમ પણ નથી!

"બાને પછી મેં ઘણીવાર રડતી જોઈ. મને એના ખોળામાં માથું રાખીને સુવડાવતી ને માથે ધીમેધીમે હાથ ફેરવતી. એની આંખોમાંથી દડદડ થતાં આંસુડા મારા ગાલેથી પણ રસ્તો કરી જતા."

**********
બાને ગયા એના નવ વર્ષ થઇ ગયા. આજે પણ જયારે જયારે રોટલી વણું, ત્યારે મારા ભીતરમાં સંઘરાયેલી મારી બા બોલી ઉઠે કે,
"ગોળ વણઝે હરખી...."
રોટલી ઝાંખી પડતી જાય ને હું હાથમાં રહેલા વેલણ સાથે જ આંખના ખૂણે રહેલો ભેજ હાથના કાંડાથી દુર કરી દઉં.
હવે મારી પ્રીશુ પણ વીસ વર્ષની થઇ ગઈ. પ્રીશુ મારુ એકનું એક સંતાન હતી. લગ્નના બાર વર્ષ થયે મોડે મોડે આવેલી.

"જો બેટા. રોટલી તો શીખવી જ પડે. બીજું કંઈ નવીન ના આવડે તો ચાલે. પણ રોટલી તો પાયો છે. એ તો આવડવી જ જોઈએ. સમજી?"

"શું તુંય હવે! કયા જમાનામાં જીવે છે તું? મારે કંઈ શીખવું નથી આવું રોટલું-ફોટલું."

"પણ બેટા કાલે સવારે તું સાસરે જઈશ તો એ લોકો શું કેશે હેં? કે આને તો રોટલીય નથી આવડતી...."

"પણ હું ત્યાં સાસરે રોટલી કરવા થોડી જાઉં છું. ને એ મારી સાસુની છોકરીને પણ ના જ આવડતી હોય રોટલી બનાવતા. ને કોઈ કંઈ તો જાય. એમ શેના કોઈ કંઈ જાય..."

"પણ બેટા......"

"મોમ....પ્લીઝ. આવી શું ઝફામારી. THIS IS REALLY INTOLERENT યાર.... જો હું તને એક વસ્તુ બતાવું...."

પ્રીશુએ એનો મોબાઈલ કાઢ્યો ને કંઇક અંદર ઘુમેડ્યું.

"જો આ સ્માર્ટ-ફોન અને ઈન્ટરનેટની કમાલ. TAKE A LOOK MOM. જો ઓનલાઈન શોપિંગની આ વેબસાઈટ. આ રોટલી કરવાનું મશીન છે. આમાં ખાલી તમારે લોટ બાંધીને નાખી દેવાનો. ગરમ રોટલી રેડી, ને એ પણ અસ્સલ ગોળ."

એ હસવા લાગી. હું થોડી મૂંઝવાઈ ગઈ.

"પણ બેટા.... આમાં લોટ તો બાંધીને નાખવો પડે ને?! ચલ. હું તને લોટ બાંધતા શીખવાડું..."

"ઓહ. COME ON MOM... જો આ બીજું મશીન છે, એમાં લોટ પણ બંધાઈ જાય. ઈલેક્ટ્રોનિક આટા-મેકર..."

હું જોઈ જ રહી.

મશીન બગડી જાય કે લાઈટ જતી રેય તો શું કરવાનું?! ને એમાં જાતે બનાવેલી રોટલી જેવો સ્વાદ આવે?! ઘણા સવાલો હતા મનમાં. પણ હું પૂછી જ ના શકી...

પછી તો પ્રીશુએ જાતે જ ફાઈનલ કરી નાખેલો છોકરો એના મમ્મી-પપ્પાને લઈને ઘરે પણ આવ્યો. એ લોકો જમવા પણ ના રોકાયા ને અમે આગ્રહ પણ ના કર્યો! ફ્લેટની સામે પેલો 'ભગવતી' સમોસાવાળો ઉભો રેય છે ત્યાંથી અમે ગરમ-ગરમ સમોસા તૈયાર જ રાખ્યા હતા ને ચા સાથે એ ખાઈને અડધી કલાકમાં તો એ લોકો જતા પણ રહ્યા.

મારે પણ જવું તું આજે મારી બાની જેમ જ, પ્રીશુને લઈને માર્કેટમાં એના માટે કંઇક લેવા. પણ પછી એ મોબાઈલમાં કંઇક બતાવતી હતી ને ઓનલાઈન-ઓનલાઈન, એ યાદ આવ્યું. એટલે માંડી વાળ્યું.

ને હા... પેલા સમોસા સાથે ચા પણ મેં જ બનાવી હતી, પ્રીશુએ નહીં. પ્રીશુથી ચામાં પણ ક્યારેક ખાંડ વધુ પડી જાય છે ને એટલે...

મારા કાનમાં મારી બા ગુંજતી રહી.

"બટા. તને મારી ઝેવું રાંધતા આવડી ગ્યું હોં..."

એ દિવસે હું સૌથી વધુ રડી. હું સાસરે આવી ત્યારે બા રડી 'તી, કદાચ એ કરતાંય વધારે.

**SHUT DOWN :**

**"ગૂગલ કદાચ બધા જવાબ આપી શકે,પણ ઘરડાંની જેમ ગાડા વાળી શકે? "**

**પારસ. એસ. હેમાણી**

**( શીર્ષક-પંક્તિ : મરીઝ )**

# લપડાક

- મનોરી શાહ



યંગસ્ટર્સમાં જે ટ્રેન્ડસ હોય છે એમાં એક "cool" અને મહત્વનો ટ્રેન્ડ કયો છે? આના જુદા જુદા જવાબ હોઈ શકે પણ મારા આજનાં આર્ટિકલ માટે છે ટીવી શો કે સિરીઝનો. નવા એપિસોડ્સ માટે આમ આતુરતાથી રાહ જોવાની, એ શો કે એના પાત્રો માટેના સ્લોગન, ક્વોટસ, કે ડાયલોગ શોધવાના, રોજની વાતચીત માં ટાંકવાના, એમને લગતા marchandise, ટી-શર્ટ અને બીજી આઈટેમ્સ ખરીદવાની કે આમ પેહરી ને "flaunt" કરવાની અને એકદમ ગજબના જુસ્સા સાથે એપિસોડની ચર્ચાઓમાં ઉતરી જવાનું...આ બધું જ અત્યારના કોલેજ કેમ્પસમાં નવું નથી.



આ જે બધી હોલીવુડની સિરીઝ છે એમની સામે મને કોઇ વાંધો પણ નથી. infact, આપણા કરતા એ લોકો વધારે સારા, લોજીકલ( ચર્ચા નો મુદ્દો) અને જકડી રાખે એવા શો બનાવે છે એ વાત હું પણ સ્વીકારું છું. મારે આજે કોણ વધારે સારું અને કોના કન્ટેન્ટમાં કેટલી ક્વોલિટી છે એ બધી વાત નથી કરવી. મારો મુદ્દો છે એના આપણે સૌ નવજવાનો પર પડતા ઈમ્પેક્ટનો. ફિલ્મો કે શોમાં બતાવતા સ્ટંટ કે એક્શનને જાતે ક્યાય પણ ટ્રાય ના કરો એવી ચેતવણી તો બધા આપે છે, છતાં આપણે અમુક કિસ્સા સાંભળ્યા છે જ્યાં કોઈ સ્ટંટ કરવામાં કોઇ યુવાને જીવ ગુમાવ્યો હોય. મારી આસપાસ મારા જ અમુક દોસ્તો છે જે કોઈ એક શો કે ફિલ્મના પાત્રને પોતાની સાથે જોડી શકે છે અને પછી એનું પાત્ર જે રીતે અથવા જે ફિલસુફીથી પડદા પર વર્તન કરતું હોય કે નિર્ણય લેતું હોય એને પોતાના જીવનમાં પણ લાગુ કરવાના પ્રયત્ન કરે છે.જો એમને કોઇ શોનાં પાત્ર કે એમના પ્રિય કલાકારના નામ થી બોલાવો તો એમને ગર્વ મેહસૂસ થાય છે.

લગભગ મે મહિનામાં બોલીવુડ કલાકાર ઈરફાન ખાને એક ઈન્ટરવ્યુંમાં કીધેલું કે એ દુ:ખની વાત છે કે ફિલ્મ-કલાકારો અને ક્રિકેટના ખેલાડીઓને આપણે ત્યાં "યુથ-આઇકોન" તરીકે જોવાય છે. હું કોઇની મદદ લઇ, ક્યાંકથી કન્ટેન્ટ લઇ, થોડી વાર માટે આપણી સમક્ષ રજુ કરું છું, તો માત્ર હું ફેમસ છું અને તમે મારા જેવા બનવા માંગો છો એ cool નથી, એ ધૃણાસ્પદ છે. આ મુદ્દા પર શ્રી ભવેન કચ્છીએ પણ લેખ લખેલો. લેખનો સાર તો મને અત્યારે યાદ નથી, પણ તેમણે પણ આ વિચારને બિરદાવ્યો હતો.

આ મને એટલે યાદ આવ્યું કે હમણાંનું રઈસ, કાબિલ અને ઇંગ્લેંડ સાથે ની મેચ વગેરે પાછું મુદ્દા બનવા લાગ્યું છે કારણકે demonitizationએ હવે ચાર્મ ગુમાવી દીધો છે. લોકો પોતાના પ્રિય "સ્ટાર્સ"ને મળવામાં જીવ ગુમાવી રહ્યા છે. બધા બંને ફિલ્મ્સની કમાણીની ચર્ચા કરી રહ્યા છે. આપણે સમજવાની જરૂર છે કે આ બધામાં એ બંને "હીરો"ને કોઇ ફરક નથી પડવાનો. એમને તો એમની રોટલીઓ શેકી જ લીધી છે. અને મારા મતે તો બંને ફિલ્મો કંઇ એવી પણ ક્વોલીટી વાળી નથી કે આટલું બધું deserve કરે.એક બુટલેગર કે ગેંગસ્ટરના જીવન પર થી ફિલ્મ બનાવીને એને ખાલી એક રાજ્ય કે શહેરનો ફાયદો એના વતન તરીકે મળે છે તો એમાં ફિલ્મકાર તરીકે તમારી કોઇ ખૂબી નથી.વળી બીજી પણ રોમાન્સ અને એક્શનની ખીચડી છે.એ જ રીતે ધોની કે કોહલી બંનેમાં કોણ સારા કપ્તાન છે એના પર ઝગડીને ના તો ટીમ બદલવાની છે ના તમને એ બંનેની કમાણીનો ભાગ મળવાનો છે. તો પછી કામકાજ મૂકીને આ બધાની ચર્ચા કેમ? જો કે જ્યાં બીગ-બોસ જેવા કાર્યક્રમો ૧૦-૧૦ સીઝન સુધી ચાલતા હોય

ત્યાં કોઇ પણ કોમેન્ટ કરવામાં ધ્યાન રાખવું પડે!!

આપણે ખરેખર કોને પ્રેરણામૂર્તિ બનાવી એ નક્કી કરવું પડશે. અને એ તમારે પોતેજ નક્કી કરવું પડે,તમને કોઇ બીજું કહી ના શકે. ખરેખર હીરો એ લોકો છે જેમને ક્યાંક બીજાની જરૂરીયાતને પોતાની આગળ consider કરી છે. એના માટે ક્યાંય બહાર જવાની જરૂર નથી,તમારા માતા-પિતાએ જ અનેકવાર કર્યું હશે. ખરેખર હીરો એ છે જેને કોઇ પણ પ્રકારની અક્ષમતાને ગણકાર્યા વગર કૈક કરી ને બતાવ્યું છે, જેને સમાજનાં બધા નિયમો સાથે પણ સફળતા મેળવી છે અને નિયમો તોડીને ક્રાંતિ કરી છે.અને હું તો કારકિર્દી કે માર્ક્સ કે પૈસા માટે પ્રેરણા લેવાની પણ નથી કેહતી.જો તમને કોઇ પણ વસ્તુ કે પરિસ્થિતિ ક્યાંક પેહલા કરતા સારા માણસ બનવા માટે પ્રેરે છે તો એ હીરો છે. ભલેને એ કોઇ એકલા દાદા પાસે રોજ સાંજે આવીને બેસતું શેરીનું કુતરું કેમ ના હોય.

**“ શાંતિથી બેસીને વિચારો અને નક્કી કરો કે તમારે કેવા વ્યક્તિ બનવું છે? કારણકે કેવા વ્યક્તિ બનવાની clarity હોવી એ કોના જેવા વ્યક્તિ બનવા જેટલી જ અથવા એનાથી પણ વધારે મહત્ત્વની છે. ”**

આપણા સૈનિકો, વૈજ્ઞાનિકો, સારા શિક્ષકો અને કુદરત ખરેખરા “હીરો” છે. બનવું હોય તો એવું બનવાની ઇચ્છા સેવો જે આગળ જઈને ક્યાંક આપણા દેશને મદદરૂપ થઇ શકે, અને એના માટે કોઇ બહુ મોટા માણસ બનવાની જરૂર પણ નથી. એક સમજદાર સંતાનને આકાર આપવો પણ દેશની જ મદદ છે. ક્યાંક કોઇ ને ખરાબ કે સામાન્ય વિચારસરણીથી સારા, સ્વસ્થ વિચારો અને જીવન તરફ વાળવું પણ હિરોઇઝમ જ છે.તો શાંતિથી બેસીને વિચારો અને નક્કી કરો કે તમારે કેવા વ્યક્તિ બનવું છે? કારણકે કેવા વ્યક્તિ બનવાની clarity હોવી એ કોના જેવા વ્યક્તિ બનવા જેટલી જ અથવા એનાથી પણ વધારે મહત્ત્વની છે.




અને છેલ્લે એ પણ ઉમેરવા ઇચ્છીશ કે જયારે એકદમ નવરા હોવ ત્યારે જોયેલી સીઝન્સ ફરી વખત જોવી એના કરતા કોઇ પુસ્તક વાંચવાનું ચાલુ કરીએ તો કેવું? ભલે જે નવો એપિસોડ આવે એ સૌથી પેહલા રાતે જાગીને પણ જોવો, પણ જયારે રીપીટ કરો ત્યારે એની જગ્યાએ કૈક વાંચીએ કે વિચારીએ તો એમાં ખોટું તો નથી જ.

આપના માટે ‘હીરો” કોણ છે અને કેમ છે તે મને જણાવો manorishah@gmail.com પર. આપણા પ્રતિભાવોનું સદાય સ્વાગત છે.

# લવ-ટેંક

- અનંત ગોહિલ



હું એક "પત્ર" બોલી રહ્યો છું.

૧૯૯૩ના વર્ષમાં ફેબ્રુઆરી મહિનાની ૧૪મી તારીખનો એ દિવસ કે જ્યારે હું લખાઈ રહ્યો હતો. મને આજે પણ એ દિવસ બરાબર યાદ છે કે જ્યારે એ સ્યાહીવાળી પેનથી મારા શરીર પર લજ્જાના શેરડા પડતા હતા. ખરેખર કહું ને તો હું નવોઢાની માફક શરમાઈ રહ્યો હતો. આમ તો મારું શરીર સહેજ પીળાશ પડતા સફેદ રંગનું હતું પણ આ શબ્દોને મારા અંગ પર ધારણ કરી હું નખશિખ ગુલાબી થઇ ગયો હતો. અતીતના એ દિવસો આજે પણ મારા માનસપટ પર પ્રેમનું મેઘધનુષ્ય રચી જાય છે!



કદાચ તમે નહીં સમજી શકો કે જ્યારે તમારી શરૂઆત 'મરીઝ' ના શેરથી થાય ત્યારની એ લાગણી કેવી હોય છે!

તારું સૌન્દર્ય અનુપમ, તારું લાવણ્ય અસીમ,
તારા યૌવનનો એ દેખાવ કે જોવાય નહીં;
તારી કાયાની ખુમારીમાં બધા મુગ્ધ રહ્યા,
ક્યાં હશે સાચી મહોબ્બત તને દેખાય નહીં.

તમારા બધાના ઝમાનામાં આવી ગયેલ આ વ્હોટ્સએપ અને ફેસબુક કરતા પણ એ વખતે રચાતો એ પ્રેમનો સાગર જાણે કે હિલોળા લેતો હોય એમ એ પ્રેમી હૈયા એ મારા પર પ્રેમમાં ધગધગતા લાવારસ જેવા એ શબ્દોનો અભિષેક શરુ કર્યો.

એને લખ્યું હતું કે, "મારી આકાંક્ષાઓ અને અપેક્ષાઓને હું તારામાં પૂરી થતી જોઉં છું. હા, કદાચ ઘણા બધાને તું પસંદ હોઇશ અને ઘણા બધા એ એમની લાગણીઓ તારા સમક્ષ મારા કરતા પણ સારી રીતે બતાવી હશે. પણ, એ બધું જ હોવા છતાં હું મારી લાગણી તને કહેતા પોતાને રોકી શકતો નથી.

પહેલી નજરનો પ્રેમ થાય એવું તે સાંભળ્યું હશે પણ મને તો તારી સાથે પહેલી 'ઝલક'નો – પહેલી 'પળ'નો પ્રેમ થઇ ગયો છે. તને જોયા પછીનું જે વિશ્વ રચાય છે એને જ કદાચ લોકો 'સ્વર્ગ' કહેતા હશે એવું મને ખાતરીપૂર્વક લાગે છે. તારી સામે હું મારા પ્રેમનો માત્ર એકરાર જ નથી કરતો પણ મારા પ્રેમનું સોગંદનામું રજુ કરું છું અને તારી મરજી હશે તો કદાચ આ પ્રેમનું જાહેરનામું પણ રજુ કરવા હું ઉત્સુક છું.

કદાચ તને આ બધું 'ફ્લર્ટ' લાગતું હશે, તું વિચારતી હોઇશ કે આ ભાષા- આવું તો કવિઓ લખતા

હોય છે તો પછી હું કેવી રીતે ?, એનો માત્ર એટલો જ જવાબ છે મારા પાસે કે, કવિ કવિતાની રચના નથી કરતો પણ કવિતા "કવિ"ને કવિ બનાવે છે એવી જ રીતે તું મારા જીવનમાં કોઈ કવિતાની જેમ પ્રવેશી છે અને હવે એ કવિતાએ આ 'મનુષ્ય'નું કોઈ કવિમાં પરિવર્તન કરવાનું શરૂ કરી દીધું છે.

આ બધું કોઈ નવલકથા હોય તેવું લાગવા લાગ્યું છે. બધી જ જગ્યાએ તારો ચેહરો દેખાય છે. તારા જ સપના આવે છે. કોઈ બોલાવે તો પણ એવો આભાસ થાય કે એ તારો જ અવાજ છે. હંમેશા નિયમિત રહેતા વ્યક્તિનું બધું જ કામકાજ અનિયમિત થઇ ગયું છે. તારા વિશે વિચારી-વિચારીને હું પણ 'તારા'મય થઇ ગયો છું!

હું એમ તો નહીં કહું કે તારા વગર જીવી નહીં શકાય પણ મારા જીવનનો ધ્યેય તારા સાથે ઘરડાં થવાનો છે. મારે તારી આંગળીઓમાં આંગળી પરોવી ચાલવું છે. તારા વ્હાલસોયા હાથોથી બનેલી રસોઈ જમવી છે અને તને જો કદાચ રસોઈ કરતા નહીં આવડતું હોય તો તારી સાથે એ અનિયમિત આકારવાળી રોટલી બનાવવાની રમત રમવી છે. તારા વાળની એ લટોને મારા હાથેથી તારા કાન પાછળ ખોસવી છે. તારા સાથે સાગરના તટે જઈ રેતીમાં દિલ બનાવી આપણું નામ લખવું છે. તારા બધાજ સપનાઓને 'તારા'માંથી 'આપણા' બનાવવા છે.

આવું તો કંઈ કેટલુય મારામાં લખેલું છે, એ બધું જ જો વાંચવા બેસશો તો સમયનો ખ્યાલ જ નહિ રહે. એટલે આગળનું હું જ ટૂંકમાં કહી દઉં. આવી તો કંઈ કેટલીય ઉપમાઓ તથા પ્રેમના પ્રદર્શન બાદ એ પ્રેમી હૈયા એ સવારથી લઈને સાંજ સુધી મને એના શર્ટના ડાબી બાજુના ખિસ્સામાં સાચવી રાખ્યો. જયારે પણ એ એની પ્રિયતમાને જોતો ત્યારે એનું હૃદય તીવ્ર ગતિથી ધબકવા લાગતું. એ વાતનો એકમાત્ર સાક્ષી એટલે હું. અને પછી એને હિંમત કરીને એના પાસે જઈને મને એના હાથમાં મુક્યો...

લાગે છે કે કોઈ કબાટમાં મને શોધે છે હું તમને થોડી વાર પછી વાત કરું હાં!

"અરે નીમું, શું શોધે છે?"

"ફરીથી ભૂલી ગયાને મારા ભુલક્કડ પતિદેવ! આજે કઈ તારીખ છે એ તો યાદ છે કે એ પણ નથી યાદ?"

"અફકોર્સ ડાર્લિંગ આજે તો ૧૪મી થઇ, પણ હું સમજ્યો નહીં તું શું કહેવા માંગે છે."

"અરે બાબા, આજે વેલેન્ટાઇન ડે અને એ પહેલા પણ તમે મને કરેલા તમારા એકરારનો દિવસ. આજના દિવસમાં મારું માત્ર એક જ કામ હોય છે અને એ છે તમે આપેલો એ 'પત્ર' વાંચવો. સો તમારે કંઈ કામ હોય તો હમણાં જ કઈ દેજો પછી મને વાંચતી વખતે 'ડિસ્ટર્બ' નહીં કરતા હો!"

"અરે પણ જેને એ લખ્યું છે એ તારા સામે ઉભો છે તો પણ તારે વાંચવો તો એ પત્ર જ છે નહીં?"

"હાસ્તો વળી! એ પત્ર તો મને તમારા કરતા પણ વધુ પ્રિય છે. સમય સાથે એની ચમક થોડી ઓછી જરૂર થઇ છે પણ એની અંદરના શબ્દો હજુ પણ ફૂલની પાંખડી જેવા તાજા અને સુગંધીદાર છે!"

(હા,તો હવે મને આખો દિવસ ટાઈમ નહીં મળે કેમ કે આ બંને હવે આખો દિવસ મારા સાથે જ વિતાવશે અને એમની જ વાતો કર્યા કરશે તો હવે તમારે વધુ કંઇક જાણવું હોય તો મને પછી મળજો બધું વિસ્તૃતમાં કહીશ પણ ત્યાં સુધી તમારી રજા લઉં છું!)

***પ્રેમ-અભિષેક :***

***એક જ જવાબ દે મારો એક જ સવાલ છે,***
***આ મારા પ્રેમ વિશે તારો શું ખયાલ છે?***

# Shine in the Mine...!!!

- રિકીન ધડુક



*બીફોર ટ્રાયોલોજી*

*You are both stars, don't forget. When the stars exploded billions of years ago, they formed everything that is this world. The moon, the trees, everything we know is stardust. So don't forget. You are stardust.*

લગભગ બાવીસ વર્ષ પહેલા, હું જન્મ્યો એ પહેલા રિચાર્ડ લિંકલેટરે નિર્દેશિત કરેલી ફિલ્મ રજુ થઇ - બીફોર સનરાઈઝ. ત્યાંથી શરુ થઇ એક ટ્રાયોલોજીની.એક એવી ટ્રાયોલોજી જે સિનેમાના અણીશુદ્ધ પ્રેમનું પ્રદર્શિત સ્વરૂપ છે.

એક ફિલ્મ તરીકે એ એટલે માટે સવિશેષ છે કે ત્યાંથી જ રિચાર્ડની ફિલ્મ કરિયર અને સિદ્ધિઓનો ફણગો ફૂટેલો.એની અનેક શાખાઓમાં બીફોર સિરીઝ સો ટકા મૂકી શકાય. બીફોર સનરાઈઝ, નિશ્વાર્થ અને ચકિત, છતાં ગૂંચવાયેલ બે જિંદગીઓની વિખરાયેલી વાતો અને અદિશ રખડપટ્ટીથી ઉપજેલો આનંદ. બીફોર સનસેટ, આ જ ચિત્રને આગળ વધારતા એમાં પુખ્તતાના અંશ ઉમેરે છે જે અંતે મળે છે બે અલગ વ્યક્તિઓના સંગાથ સ્વરૂપે - બીફોર મિડનાઇટ.

ત્રણેયના શીર્ષક આત્યંતિક ઉચિત કહી શકાય એટલા માટે કે એ સમયને સાર્થક કરે છે. કોલેજમાં આવેલા નવા-સવા વિદ્યાર્થીઓ જિંદગી વિષે વાત કરતા હોય એવી આ વાર્તાની શરૂઆત છે. જેમજેમ આગળ વધે, તેમ ક્રમશઃ તેના ફ્લેવરનો આસ્વાદ સ્નિગ્ધ થઈને તાળવે ચોંટી જાય. તેમના માટે, ગલીઓમાં અને વિએનાની કેડીઓમાં ભમવું એ સફરનો એક નાનકડો હિસ્સો હોઈ શકે, અને તેઓ એક ખુબસુરત અજનબી સાથે સમયને માટે આપીને ખુશ થઇ રહ્યા હોય. તેઓ એક-બીજા સાથે ઘણી સરસ રીતથી કમ્પૅટિબલ છે પણ એ કોલેજકાળમાં હમ્મેશા હોવાનું. એ સમયની સાથ સમ્બન્ધમાં બદલાય એ સનજોગ નક્કી કરે, મનુષ્ય નહીં. પણ એ એક નશો છે, કોઈને મળવાનો-જાણવાનો- જે તમે રોજ મળો છો -જાણો છો એનાથી અલગ છે.

આ ત્રણેયમાંથી કોઈ એક ફેવરિટ ચુસ કરવાની ભૂલ તો ના જ થઇ શકે કેમકે દરેક વખતે આ કપલને યથાર્થ થતા જોવાની મજા જ અલગ છે. તે મળે છે, ઉગે છે, પ્રેમમાં પડીને ઉછળીને પટકાઈને વાસ્તવિકતા સુધી પહોંચે છે. બીફોર સનરાઇસની ઈમોશનલ પુખ્તતા અને મીઠાશ મને ગમે છે, અને બીફોર મીડનાઇટની સંપૂર્ણ પ્રતિબદ્ધતા અને લગ્નને તાત્ક્ષણિક સનજોગ મુજબ અપૂર્ણ દર્શાવવાની હિંમત કાબિલેદાદ છે. વચમાં બીફોર સનરાઇસની સાદગી, રોમાંચક સ્ટોરીટેલિંગ, અને પ્રેમની પ્રામાણિકતા એને હ્રદયસ્પર્શી બનાવે છે. એની ડિમાન્ડ વધારે છે કારણ કે એ બંને કેરેકટર્સને પકડીને દોરતી ફિલ્મ નથી, પણ એ બન્નેને પોતપોતાની લચકથી વળવાની સ્વતંત્રતા બક્ષે છે. તેઓ પરસ્પર નિર્દય અને ખુલ્લી ઈમોશનલ વાતો કરે છે જે મોટા ભાગની રોમેન્ટિક-મસાલા

મુવીઝમાં જોવા નથી મળતી. અહીં સૌથી નોંધપાત્ર છે બીફોર સનસેટમાં રહેલો ૧૧ મિનિટ લમ્બો સીન- જે ફિલ્માવતા એમને ૧૫ દિવસ લાગ્યા હતા. કેમકે એ અનહદ શાંત, અને નેચરલ છે.



૨૦૧૩માં આવેલ અંત ભાગમાં વિલંબિત થતું નગ્ન સત્ય કે પરફેક્ટ એન્ડિંગ ક્યારેય ના હોઈ શકે. રિતુપર્ણો ઘોષ કહે છે એમ અપૂર્ણ પ્રેમ સૌથી સુંદર હોય છે. ક્રેડિટ્ઝ રોલ થતા હોય ત્યારે રોમેન્ટિક મૂવીસમાં હાથમાં હાથ નાખીને ચાલતા પ્રેમીઓ જોયા છે? તેઓ આગળ વધીને લડશે-ઝઘડશે અને અણગમતી બાબતો એક્સચેન્જ પણ કરશે. કેટલાક તેમાંથી ફિનિક્સની જેમ ઉભા થશે અને કેટલાક એમના સંબંધોની ઉષ્માથી સળગીને નષ્ટ થશે. બીફોર મીડનાઇટનો એક ટિપિકલ અંત આપણે કલ્પી શકીયે જે કદાચ ડાયરેક્ટર રિચાર્ડની કલાત્મક શૈલીની રજૂઆતથી આપણને ગમી પણ જાય. પણ આપણને એ વાત જરીક ખૂંચે, કે શું જેસ એની ફ્લાઇટ ચુકી ગયો હશે? એ લોકો ફરીથી મળશે કે કેમ? કદાચ આ જ વિચારથી રિચાર્ડ આપણને આટલું સરળ સાદ્રુરૂપ આપવા નહીં માંગતા હોય.આ કપલને ૧૮ વર્ષ સુધી જોવામાં એક લહેજત છે કેમકે આટલો મજબૂત પ્રેમ હમેશા રસ્તો કરી જ લેતો હોય છે. હા, મોટાભાગે મૂવીઝ લોકોની સ્ટ્રગલને સાદી અને સરળ રીતથી બતાવે છે. એટલે જ બીફોર ટ્રાયોલોગી આ ઝંઝાળમાંથી અલગ ઉતરી આવે છે. નયનરમ્ય લેન્ડસ્કેપને કોરાણે મુકતા - તે બે વ્યક્તિના પ્રેમને સમયની સાપેક્ષે સામે મૂકે છે, નહીં કે પ્રેમીઓને.

જેસ્સી અને સિલિનના પ્રેમને જે વાત મજબૂતાઈ બક્ષે છે એ છે એટેંશન.તેઓ પરસ્પર સમ્ભાલ રાખવાનું મૂકી શકતા નથી, એ લાંબા રસ પછી, બાળકો થયા પછી પણ અવિચલિત રીતે વર્તાય છે. અને એ જ કદાચ કોઈકને આપવા માટે સૌથી વધુ મોહક પદાર્થ હોઈ શકે.

અને, એક અન્ય વાત જે કહેવી છૂટે કે, આ મૂવીઝ અનહદ રોમેન્ટિક છે. નહીં કે શાહરૂખના સીટને જકડી રાખે એવા સંવાદ કે માધુરીની મોહક અદાઓ- પણ રોમેન્ટિક એ રીતે જેમ બન્ને એકબીજા સાથે એક્ચ્યુલી કનેક્ટ કરે છે. જેમ બંને સંવાદથી પરસ્પર ઇન્ટેલેક્ચ્યુઅલી ઈરોટિક છે. તેઓ ફક્ત વાતો કરે છે. બહુ બધી. અને કેર કરે છે. તેઓ ગરમાનીના પેરિસ પર આક્રમણની ચર્ચા કરે છે, કલા તેમના માટે શું છે અને ઘણા બધા સેલેબ્રિટીઝની. અને એ જ અવાંછિત પુરાવો છે કે તેઓ એકબીજાને સમર્પિત છે. આ કોઈ સુરીલા અવાજમાં બેકગ્રાઉન્ડમાં વાગતા કોઈ પણ રોમેન્ટિક સોન્ગ કરતા વધારે રોમેન્ટિક છે.

બેય જણા સનસેટ જોવા બેસે છે એ ક્ષણ બીફોર મીડનાઇટમાં છે. બે અજનબીઓ, જેઓ લગભગ બે દાયકાઓથી એકબીજાને પ્રેમ કરે છે, તેઓ વચ્ચેની એક પળ, જે મળી છે તેમની ખુબ જ બીઝી લાઈફમાં થી. ત્રણેય મૂવીઝમાં સૌથી રોમેન્ટિક સીન. અને જેમ સીલીન કહે છે એમ -

"Isn't everything we do in life a way to be loved a little more?"

# બાળ ગીત

- કિરીટ ગોસ્વામી



પવન કરે તોફાન.

પવન કરે તોફાન...
એની પાછળ જાય દોડતાં
લુચ્ચાં પીળાં પાન !



વાદળીઓની છૂક છૂક ગાડી...
જાય પકડવા ચકલી ગાંડી !
એ દેખીને ખા ખા ખી ખી...
હસતી પેલી બિલ્લી બાંડી !

ચાંદામામા ' હાઉક ' કરે ત્યાં
દરિયો ભૂલે ભાન !
કેવો પવન કરે તોફાન.....

સસલાને તો સન્ડે રોજ...
નહિ સ્કૂલ, બસ મોજે-મોજ !
ભોલુને દફતરનો ભાર...
ને પાછો હોમવર્કનો બોજ !

કોઈ ન એની વાત સાંભળે;
ક્યાં આપે કોઈ ધ્યાન ?
પેલો પવન કરે તોફાન.....
-કિરીટ ગોસ્વામી

# ખુલ્લા દ્વાર

- ધૈર્ય હિરાણી





કરચલીઓ ના વધવા સાથે ખુદ ઉપર એ હસવા લાગે;
અઢી અક્ષર જો પચે નહી તો માણસ આખો તૂટવા લાગે,

લાગણીઓ નું ઘર છે સુંદર ઇન્દ્રપ્રસ્થ ના મહેલ સમું;
પણ આગ જો લાગી સહેજ તો ચેતજો તરત એ ભડકે બળવા લાગે,

આખી દુનિયા ના પાપો ને વહાવું છું હું ખુદ માં રોજ;
મુકો હથેળી માં ચીરો તો આખી ગંગા વહેવા લાગે,

કાલે સાંજે છાંયે એના બેસી ને કોઈ ખૂબ રડ્યુ'તું;
છે બધા ને અચરજ એ જ કે વસંત માં કેમ વૃક્ષ ખરવા લાગે,

હસતા ચેહરા ના નકાબો સાથે લઇ ને ફર્યા કરૂં છું;
લોકો આવે, તરત ચડાવે, ને દુનિયા પર એ હસવા લાગે.

# Knowtamin

- ⇒ Kissing releases OXYTOCIN in the brain, a hormone that strengths the emotional bond between two people.
- ⇒ CLINOMAINA is the Excessive desire to stay in bed all day.
- ⇒ Research suggests that laziness is just a common part of being a teen-ager and doesn't reflect bad behavior.
- ⇒ 70% people enjoy old songs because of the memory they've attached to them.
- ⇒ Psychology says that playing fame makes you more Creative.
- ⇒ Researchers say that you can fool your mind in to thinking that you are happy and smiling if you put a pencil in between your teeth.
- ⇒ Most people text faster when its someone they like.

## પંખ'ની ઉડાનમાં સહભાગી પાંખો

યાજ્ઞિક વઘાસિયા
અનંત ગોહિલ

રિકીન ધડુક
ભાગ્યેશ પટેલ

મનોરી શાહ
ધૈર્ય હિરાણી

કેયુર દુધાત

## સહૃદય આભાર

ડૉ. અવનિ રવિ ચાંગેલા (નવલકથા)  રવિ દવે (કવિતા)  ધૈર્ય હિરાણી (ખુલ્લા દ્વાર)  તથાગત વૈદ્ય (ગોષ્ઠી)

કિરીટ ગોસ્વામી (બાળ ગીત)  જય લીંબાસીયા (Videography)  સ્વીટી પટેલ (ગોષ્ઠી)

અમારી સાથે ઉડવાના આકાશી માર્ગો


pankhemagazine@gmail.com

http://www.facebook.com/pankhemagazine

+91 9904918168

https://twitter.com/pankh_emagazine

https://www.youtube.com/channel/UCakmCpwf4oF2ZICI-YPlVDg